
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ શ્રી આત્માનંદ પ્રકાશની અંતર ઊર્મિઓ | ( કવિ રેવાશંકર વાલજી ) | ૧૭૫ |
| ૨ કાયા વિષે ઉપદેશક પદ | ( રાયચંદ મૂળજી પારેખ ) | ૧૭૬ |
| ૩ જૈનધર્મી સાધુઓ | ( લે. ચોકસી ) | ૧૭૭ |
| ૪ ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય: અનુવાદ | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૧૭૯ |
| ૫ સમ્યગ્ જ્ઞાનની કૂંચી | ( શ્રી ચંપતરાયજી જૈની ) | ૧૮૩ |
| ૬ સુખની શોધમાં | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૧૮૬ |
| ૭ સાચી સલાહ | (રાજપાળ મગનલાલ વ્હોરા) | ૧૯૧ |
| ૮ વ્યવહાર વચન | ( રાયચંદ મૂળજી પારેખ ) | ૧૯૨ |
| ૯ નિયમિત બનો | (રાજપાળ મગનલાલ વ્હોરા) | ૧૯૩ |
| ૧૦ અધ્યાત્મશક્તિના લાભ | ( અનુ. અભ્યાસી B. A. ) | ૧૯૫ |
| ૧૧ ધર્મ એટલે શું ? | | ૧૯૭ |
| ૧૨ સોનેરી સુવાક્યો | ( સં. સ્વ. સ. ક. વિ. ) | ૧૯૮ |
| ૧૩ સ્વીકાર અને સમાલોચના | | ૨૦૦ |
| ૧૪ વર્તમાન સમાચાર ... ... ... ... ... | | ૨૦૨ |


## 'શ્રી આત્માનંદ પ્રકાશ'ના ગ્રાહકોને ભેટનું પુસ્તક

શ્રી મહામેઘવાહન જૈન રાજા ખારવેલ નામનું પુસ્તક વી. પી. દ્વારા ભેટ મોકલાઇ ગયેલ છે અને આ ભેટનું પુસ્તક પ્રશંસાપાત્ર અને ઐતિહાસિક જાણવા જેવી હકીકતો માટે ઉપયોગી થયાના સમાચાર ગ્રાહકો પાસેથી જાણી અમારો આનંદ વ્યકત કરવા સાથે ગ્રાહકોએ કરેલ કદર માટે આભાર માનીએ છીએ.

કેટલાક ગ્રાહકો તરફથી ભૂલથી કે સમજફેર અને બહારગામ હોવાના કારણે ભેટની બુકનું વી. પી. કરેલ પાછું આવેલ છે તે ફરી તે તે ગ્રાહકોને મોકલવાનું કાર્ય શરૂ છે જે સ્વીકારી લેવા ભલામણ છે.

---

( ટાઇટલ પેજ ૩ નું ચાલુ )

જે આપણે ધાર્મિક વ્રતો અને ક્રિયાઓ કરવાં હોય તો તે આકાશમાં દેખાતા પ્રત્યક્ષ સૂર્ય-ચંદ્રાદિ [illegible]હોવડે નિર્ણીત થયેલાં પ્રત્યક્ષ સમયાનુસાર જ કરવાં જોઇએ. મને આશા છે કે મેં ઉપર જણા- [illegible]ક્ષ ગણિત પ્રમાણે મંગળવાર તા. ૨૧ મી માર્ચે જ અમાવાસ્યા અને તા. ૨૨ મી માર્ચ [illegible]ત્ર સુદ ૧ પ્રતિપદા માનવામાં આવશે અને આ નિર્ણયને અનુસરીને જ દરેક સુજ્ઞ ઓન[illegible]વસોનાં ધર્મકાર્યો કરશે.

[illegible]૧-૧-૧૯૩૯ }
[illegible]. ૧૧ મંગળવાર }

લે० મુનિ વિકાશવિજય
ઠે० લુણસાવાડો, જૈન ઉપાશ્રય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક: ૩૬ મું
અંક ૭ મો
મહા : ૧૯૯૫
ફેબ્રુઆરી : ૧૯૩૯

# 'શ્રી આત્માનંદ પ્રકાશ'ની અંતરઊર્મિઓ

દોહરો

પત્ર વદે છે પ્રેમથી, સુણીએ વાચકવૃંદ;
ઈચ્છાઓ મમ ઉરની, કહું સવૈયા છંદ. ૧

સવૈયા છંદ

નિત્ય નિત્ય નવલા ગ્રંથોનાં, સંશોધન સ્નેહે જ કરું,
જૈનધર્મનાં સૂક્ષ્મ તત્ત્વનું, વાચક પાસે જ્ઞાન ધરું;
મહોત્સવો ઉજવું હું પ્રેમે, પુણ્યપંથ રહેવા વ્યાપી,
"આત્માનંદ પ્રકાશ" પત્રના, ઉરમાં એ ઇચ્છા સ્થાપી. ૧
ઉત્તમ તપ, ને તીર્થતણા, મહિમાઓનું હું ગાન કરું,
તીર્થંકર ને ગુરુવર્યોનું, મંગળનામ સદા ઉચ્ચરું;
નવપદજીની પાઠ-પૂજાઓ, પર્યુષણનો પ્રૌઢ પ્રસંગ,
"આત્માનંદ પ્રકાશ"પત્રને, એ ઈચ્છા છે અંગોઅંગ. ૨
ધર્મ, નીતિ, સત્કર્મતણાં, વ્યાખ્યાનોવાળા લેખ લખું,
વિદ્વદ્-સાક્ષર સંત-સાધુનું, સદા ય હું સેવું પડખું;
વાચક જનનો વર્ગ વધે, ગ્રાહક ગુણવંતાને બોધું,
"આત્માનંદ પ્રકાશ" કહે, હું શાણા સજ્જનને શોધું. ૩
પ્રાચીન-છેક પુરાણા ગ્રંથો, ભાષાન્તર કરવા લાગું,
અલ્પ કિમ્મતે કલ્પતરુ સમ, વાંચકના લાભો માગું;
મુજ કર્તવ્યો નેક બજાવું, સેવા સજવાને તૈયાર,
"આત્માનંદ પ્રકાશ"પત્રના, એ અંતર ઊંડા ઉદ્ગાર. ૪

દોહરા

આત્માનંદ સભાતણું, અવિચળ રહેવા નામ;
તન-મન-ધન સેવા સજું, મુજ મન એ વિશ્રામ.

સભાના કવિ—
રેવાશંકર વાલજી બધેકા, ધર્મોપદેશક-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાયા વિષે ઉપદેશક પદ

જીવ કાયાને સુણાવે રે, એ કાયા ભોળી;
તું કેમ રહી હજી ભોળી રે, એ કાયા ભોળી—ટેક.
જીવની જયણા ન કીધી, સુખે તેં ન નિદ્રા લીધી;
ચોરી ચુગલી બહુ કીધી રે, એ કાયા ભોળી. (૧)

એકેન્દ્રિયના છેદન કીધાં, કાચા કુમળાં નવિ દીઠાં;
રસેન્દ્રિયને લાગ્યાં મીઠાં રે, એ કાયા ભોળી. (૨)

બત્રીશ અભક્ષ્ય કીધાં, રાત્રિભોજન ભાવે કીધાં;
તે તો લાગ્યા તુંને મીઠાં રે, એ કાયા ભોળી. (૩)

સુપાત્રે ન દાન દીધાં, જીભથી ન જશ લીધાં;
કૂડા કાટલા માપા કીધાં રે, એ કાયા ભોળી. (૪)

ગરીબો પર દયા ન કીધી, પારકી થાપણ લીધી;
પરનિંદા કીધી ઘણી રે, એ કાયા ભોળી. (૫)

ક્ષણમાં તું થાતી રાજી, ક્ષણમાં તું શોક કરતી;
ક્ષણમાં તું રોતી ઘણી રે, એ કાયા ભોળી. (૬)

સગા ને સંબંધી તારા, તુજથી જે બધા ન્યારા;
તું તો મનથી માને છે મારાં રે, એ કાયા ભોળી. (૭)

સગપણ અનંતા કીધાં, જન્મ અનંતા લીધા;
ટળી નહીં તારી ચિંતા રે, એ કાયા ભોળી. (૮)

તું શોધે છે ઘર સારું, પણ નથી મળનારું;
મળે તો નહીં રહેનારું રે, એ કાયા ભોળી. (૯)

જિનવરનું નામ સાચું, બીજું બધું જાણ કાચું;
મુક્તિમારગ વિના કાચું રે, એ કાયા ભોળી. (૧૦)

મનુષ્ય તેં દેહ ધરી, અવસર ન મળે ફરી;
કહે **રાયચંદ** તું પ્રભુને ભજી લે, એ કાયા ભોળી. (૧૧)

રાયચંદ મૂળજી પારેખ—બેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મી સાધુઓ

લેખક : ચોકસી

કેટલીક વાર જેઓ સાધુપણું શું ચીજ છે એ નથી જાણતા તેઓ બાવા, સંન્યાસી કે જોગીઓ ભેળા જૈન સાધુઓને ગણી લે છે અને પ્રજા પર એ સઘળા બોજારૂપ છે એમ માનનાર પણ આજે ઓછા નથી ! અન્ય દર્શની બાવા કે સંન્યાસીઓના જીવન કરતાં વીતરાગ દશનમાં વર્તતા સાધુઓનું જીવન ઘણી રીતે જુદું તરી આવે છે. એ પ્રતિ લક્ષ્ય આપ્યા વગર 'ગોળ ને ખોળ' એક કહેવાની માફક સૌને એક સાથે બેસાડી દેવામાં ગંભીર ભૂલ કરાય છે. કદાચ જૈનેતર દ્વારા આવી સ્ખલના થાય એ ક્ષંતવ્ય ગણાય, પણ જૈન ધર્મના સંતાન કહેવડાવી, સાધુ સંસ્થા સામે કાદવ ફેંકી, એમને પણ માંગી ખાનારી જમાતમાં ગણી લઇ, ભારરૂપ કહેવા આગળ આવનારા સાચે જ બુદ્ધિનું દેવાળું કહાડનારા છે. અલબત્ત, જે મુનિપણાના લક્ષણ સિદ્ધાંતમાં દર્શાવ્યા છે તેને અનુરૂપ જીવન આજે ન દેખાતું હોય, કિંવા વર્તમાન મુનિસમુદાયમાં કેટલીક શિથિલતાઓ અથવા તો કોઈ કોઇ વિષયમાં માનવૃત્તિ કે મારાપણાની લાલસા દૃષ્ટિગોચર થતી હોય, અગર તો કેટલાક માર્ગથી ઊતરી ગયેલાઓ નજરે ચઢતા હોય તેટલા ખાતર સારીયે સંસ્થાની બદનામી કરવી કિંવા એ પવિત્ર અંચળાધારીને ભિક્ષુકની કોટિમાં મૂકી દેવો એમાં માત્ર સાહસ છે એટલું જ નહિં પણ નરી અજ્ઞાનતા અને અમર્યાદિત ક્ષુદ્રતા પણ છે. સાચા જૈનને ઘડીભર ન શોભે એવું એ નિંદ્ય કાર્ય છે. સાધુ જીવનના અન્ય ધર્મો ઘડીભર બાજુ પર રાખી, તેઓના આંતરિક જીવનમાં ઊંડા ન ઊતરતાં માત્ર બાહ્ય આચાર પર નજર ફેરવીશું તો જણાશે કે વીસમી સદીના આ વિચિત્ર સમયમાં એ જાતનું વર્તન દાખવવું એ સ્હેલી વાત નથી. યાવત્ જીવન સુધી સચિત્ત જળને ન અડકવું, મળી રહેલી વસ્તુઓ પર નિર્વાહ કરવો અને કાયમી બ્રહ્મચર્ય વ્રત પાળવું એ કંઇ બચ્ચાના ખેલ નથી. વાહનમાં પગ સરખો પણ ન મૂકવો, સ્નાન સરખું કરવું નહીં, અને પ્રકાશ માટે કંઇ સાધન સરખું પણ ન રાખવું—એ આ યુગમાં જીવનાર માટે ઓછું મુશ્કેલ નથી જ. આ જીવનને અન્ય મુનિઓના સ્વચ્છંદી જીવન સાથે સરખાવવું કે એ સામે ખોટા ચેડા કહાડવા એ બુદ્ધિમત્તાનું લક્ષણ નથી જ. ત્રુટિયો બીજી ઘણી છે છતાં તેથી નજરે દેખાતા ગુણો અવગણી ન શકાય. લેખનું પ્રયોજન એજ માત્ર છે કે સાધુપણું એ પવિત્ર વસ્તુ છે. એ પ્રતિ પૂજ્યભાવ રહેવો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘટે. એ સારુ શાસ્રકારોએ જે કેટલીક મર્યાદાઓ બાંધી છે તેમાં ગોચરી, લોચ, પ્રતિક્રમણ ને જાગરિકા ખાસ ધ્યાન ખેંચે છે. ચાલુ સમયમાં જ્યાં સર્વત્ર પ્રમાદ ને મનમોજીપણું દેખાય છે ત્યાં આ જાતના નિયમોનું પાલન પણ વખાણવા જેવું લેખાય. એ સંબંધમાં નીચેનું લખાણ ઠીક અજવાળું પાડે છે.

**ગોચરી**-અતિ તપ તપનાર માટે સર્વકાળ ગોચરી યોગ્ય છે. નિત્યઆહાર કરનાર સાધુને ગોચરીનો કાળ કલ્પે છે. એકાસન કરનાર સાધુને એક જ ગોચરીને સમયે શ્રાવકના ઘરમાં પેસવું કે નીકળવું કલ્પે છે, પણ આચાર્યાદિની વૈયાવચ્ચ કરનાર માટે બે વાર પણ કલ્પે છે. ક્ષુલ્લક સાધુ માટે બે વારની છૂટ છે. ત્રણ ઉપવાસથી ઓછા ઓછા કરનાર સાધુને પારણાને દિવસે બે વાર જવું કલ્પે. તેથી વધુ કરનાર માટે જ સર્વકાળ ગોચરીનો છે. લાવેલી ગોચરી જીવસંસક્તાદિ દોષના સંભવથી રાખી મૂકવી ન ઘટે. સાધુ માટે નીચેના ચાર ભાંગામાંથી છેલ્લો જ ઉચિત છે; બાકીના ત્રણ વર્જનીય છે.

(૧) રાત્રે આહાર લાવી રાત્રે વાપરવો. (૨) રાત્રે લાવી દિવસે વાપરવો, (૩) દિવસે લાવી રાત્રે વાપરવો, (૪) દિવસે લાવીને દિવસે વાપરવો.

**લોચ**-દ્વયપ્રકારે કહેવાય છે. દ્રવ્ય લોચ તે કેશનો લોચ કરવારૂપ એક પ્રકારનો અને ભાવ લોચ તે પાંચ ઇંદ્રિયોનો જય અને ચાર કષાયોના ત્યાગરૂપ નવ પ્રકારનો. લોચના નિમ્ન લિખત ચાર ભાંગા થાય છે.

(૧) પ્રથમ ભાવ લોચ કરી પછી દ્રવ્ય લોચ કરનાર, જંબૂસ્વામી સરખા સમજવા.

(૨) ભાવ લોચ કરે પણ દ્રવ્ય લોચ કરવાનો સમય જ ન આવે. મરુદેવા માતા સરખા.

(૩) દ્રવ્ય લોચ કર્યા બાદ ભાવ લોચ કરનાર, દ્રુમક સાધુ સરખા.

(૪) દ્રવ્ય લોચ કર્યા છતાં ભાવ લોચ ન કરનાર. ઉદાયી રાજાની હત્યા કરનાર ઉદયરત્ન સાધુ સરખા વેષધારી વિ.નો સમાવેશ આમાં જ થાય.

**પ્રતિક્રમણના** પર્યાય-પાપથી યા પાપના માર્ગથી પાછા વળી આત્માની મૂળ સ્થિતિમાં આવવું યા સ્થિર થવું એનું નામ પ્રતિક્રમણ. એનાં આઠ નામ છે.

(૧) પ્રતિક્રમણ, (૨) પ્રતિચરણા, (૩) પરિહરણા, (૪) વારણા, (૫) નિવૃત્તિ, (૬) નિંદા (આત્મનિંદા), (૭) ગર્હા, (૮) શોધી.

**જાગરિકા**—સદાકાળ જાગૃતદશા.

(૧) બુદ્ધ જાગરિકા-કેવળ ભગવંતને હોય, (૨) અબુદ્ધ જાગરિકા-છદ્મસ્થ મુનિને હોય. (૩) સુદક્ષ જાગરિકા-શ્રમણોપાસક શ્રાવકને હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત

# ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ (સટીક)

(ગતાંક પૃષ્ઠ ૧૬૬થી શરૂ)

## સર્ગ ૧ લો

### રત્નત્રયીસ્તુતિ

ઉપજાતિ

નમું ત્રિરત્નો કરતા વિદર્પં, આર્ત્તિં મૃત્તિ જન્મરૂપી ત્રિસર્પં;
જેનું લહી ભૂષણ લોક શિષ્ટ, વિરૂપ તોયે શિવશ્રી અભીષ્ટ. ૭

### ભારતીસ્તુતિ

'અમે ભજીએ તુજ ભક્તિ નમ્ર ?' તાટંક બ્હાને પૂછવા શું એમ !
રહ્યા પદાર્થો જસ કર્ણ પાસે, ધ્યાવો અહો ! ભારતી તે ઉલાસે ! ૮

### સત્ કવિઓને અંજલી.

જયંત તે કો કવિના રસીલા, સ્વર્ગપ્રદેશો સમ વાગ્વિલાસ;
સુધાઝરા જે મહિં હર્ષ ખાસ, કોને કરે ના સુરસાર્થલીલા ? ૯

---

૭. જન્મ, મરણ અને દુઃખને અત્રે ત્રણ સર્પનું **રૂપક** આપ્યું છે. સર્પનો ઉતાર જેમ મણિ-મંત્રાદિથી થાય છે, તેમ આ સર્પનો ગર્વ ઉતારનાર સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી છે. આ રત્નત્રયીથી જે ભૂષિત થયો છે તે ભલે (બેડોળ-કદ્રૂપી) આકૃતિવાળો હોય, તો પણ મુક્તિ સુંદરીને અભીષ્ટ-પ્રિય થાય છે. બીજી રીતે જોઈએ તો આ રત્નત્રયી ધરનાર વિરૂપ એટલે કે વિગત-રૂપ ( विगतरूपः विरूपः )-દેહાતીત-સિદ્ધ થાય છે. તે તો મુક્તિના વરરૂપે સુપ્રતીત જ છે.

૮. વાણી **શબ્દ** અને **અર્થ** એ બેની બનેલી છે. તે શબ્દ અને અર્થ ચંદ્રકાંત મણિના કર્ણાભૂષણના છળથી **અપહ્નુતિ** ભારતીના કર્ણમાં રહ્યા છે, તે જાણે 'હે વાગ્દેવી ! અમે (શબ્દ-અર્થ) ત્હારી ભક્તિથી નમ્ર જનનો આશ્રય કરીએ ?' એમ પૂછવાને કર્ણ સમીપ રહ્યા હોયની ! એવી અત્રે કવિએ **ઉત્પ્રેક્ષા** કરી છે. ચંદ્રકાંતમણિમાં વાણીના-ઓજસ્-પ્રસાદ-રસદ્રાવકતા આદિ ગુણોનું સામ્ય સ્પષ્ટ છે.

૯. અહીં મહાકવિઓની વાણીને સ્વર્ગપ્રદેશોની **ઉપમા** આપી કવિએ પ્રાચીન સમસ્ત કવિ-મંડલીને સ્મરણાંજલિ આપી છે. અહીં **શ્લેષ** આ પ્રમાણે ઘટાવવો : સ્વર્ગપ્રદેશો જેમ (સુરસાર્થ+લીલા)-દેવવૃંદની લીલાથી હર્ષ ઉપજાવે છે, તેમ કવિની વાણી (સુરસ+અર્થલીલા) સુરસ અને અર્થની લીલાથી હર્ષ ઉપજાવે છે. તાત્પર્ય : સતકવિઓ પોતાની સુરસાર્થવાળી વાણીથી સાક્ષાત્ સ્વર્ગ ખડું કરે છે. (અત્ર અનુવાદમાં આ શ્લોકની જેમ પ્રતિલોમવિલોમ પ્રાસ મેળવ્યો છે. જેમકે પ્રથમ પંક્તિનો ચતુર્થ પાદ સાથે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વલાભ પામી બહુધાન્ય અર્થ, નિર્મૂલતા જે ઘનનીરસત્વ;
નિષ્પંક તે સંસદ સજ્જનોની, શરદ્ શી મેડઘ ક્ષીણુતા કરોની ! ૧૦

**અભિધેય : આત્મલઘુતા નિવેદન**

આકાશ છેડાની પરીક્ષણુથી, વા અંબુરાશિની વિલંઘનાથી;
વિશેષ કૈં આ જિનનું ચરિત્ર, જે મંદધી હુંથી કથાય અત્ર. ૧૧

(અથવા) પુરાણપારંગત સૂરિઓની, વાક્થી ગતિ મ્હારી ય 'હ્યાં' થવાની;
ઊંચે ય નિઃશ્રેણીવડે જવાની, ઇચ્છા ફળે વામનની જુઓની ! ૧૨

તેથી કથું ક્ષુબ્જું છતાં પવિત્ર, સ્વશક્તિથી ધર્મતણું ચરિત્ર;
સમ્યક્પણે આ જિનનું સુવૃત્ત, વાગ્દેવી યે વર્ણવવા ન શક્ત. ૧૩

---

૧૦. અહીં **શ્લેષાત્મક** વિશેષણોથી શરદ્ અને સંતમંડલીનું સામ્ય સિદ્ધ કર્યું છે. (**સમાસોક્તિ અલંકાર**) અત્ર **શ્લેષ** નીચે પ્રમાણે ઘટાવવા.—

જેમ શરદ્ બહુધાન્ય અર્થ (બહુ+ધાન્ય+અર્થ) બહુ ધાન્યને અર્થે આત્મલાભ પામે છે (પોતાનું આગમન પામે છે), એટલે કે શરદ્નું આગમન બહુ ધાન્યની વૃદ્ધિ અર્થે હોય છે, તેમ સંતમંડલી બહુ ધાન્ય અર્થ (બહુધા+અન્ય+અર્થ)—બહુ પ્રકારે બીજાને અર્થે આત્મલાભ (પોતાનો લાભ) પામે છે, એટલે કે સંતનો પોતાનો લાભ તે બીજાને માટે હોય છે.

જેમ શરદ્ ઘનનીરસત્વ (ઘન+નીર+સત્વ)=મેઘ જલના અસ્તિત્વનું નિર્મૂલન કરે છે, તેમ સંત ઘનનીરસત્વ (ઘન+નીરસત્વ)=અત્યંત નીરસતાનું નિર્મૂલન કરે છે.

શરદ્ નિષ્પંક (કાદવ વિનાની) હોય છે તેમ સંતસંસદ્ નિષ્પંક (અતરંગ મલ વિનાનું) હોય છે. એવી શરદ મેઘ દૂર કરે તેમ સંતમંડલી મેડઘ—મ્હારાં પાપ દૂર કરે !

૧૧. જે જિનનું ચરિત્ર હું મંદમતિથી અત્રે કહેવામાં આવે છે તે આકાશના છેડાની પરીક્ષા કરવા કરતાં અથવા સાગરનું ઉલ્લંઘન કરવા કરતાં પણ કંઇક અધિક છે. કદાચ આકાશનો છેડો આવે કે સમુદ્રનો પાર પમાય, પણ આ ચરિત્રનો પાર ન આવે. ઉપમાન કરતાં ઉપમેયનું આધિક્ય હોઇ અત્રે **વ્યતિરેક અલંકાર** છે. સરખાવો:—

'तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ।' **કાલિદાસ—રઘુવંશ, સર્ગ ૧.**

૧૨. અથવા તો પુરાણનો પાર પામેલા પૂર્વસૂરિઓની વાણીવડે કરીને, પ્રસ્તુત કાર્યમાં મારી પણ ગતિ થશે. તે માટે અત્ર **દષ્ટાંત** આપે છે કે—

નિસરણીઓવડે ઊંચે જવાનો પણ વામનનો મનોભિલાષ સિદ્ધ થાય છે. અહીં **બિંબપ્રતિબિંબ ભાવ** આ પ્રમાણે સમજવો: કવિ=વામન; ઊંચું જવું=આવું ચરિત્રગ્રથન; નિસરણી=પૂર્વસૂરિઓની કૃતિ. આ શ્લોકમાં કવિએ પોતાનું અત્યંત લઘુત્વ દર્શાવ્યું છે. સરખાવો આને મળતો શ્રી**કાલિદાસ**નો ભાવ:

" अथवा कृतवाग्द्वारे वंशेऽस्मिन्पूर्वसूरिभिः ।
मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः ॥—**રઘુવંશ, સર્ગ ૧.**

૧૩. કવિ કહે છે કે આવું વિકટ કાર્ય મેં હાથ ધર્યું છે તેથી મને કંપ—મનઃક્ષોભ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શબ્દ-અર્થની મીમાંસા

ગાંઠે ન વાગ્, અર્થ ભલે હૃદસ્થ, એવો કવિ કો ગ્રથને ન દક્ષ;
જિહ્વાંતનો સ્પર્શ કર્યા વિના ન, શકે પીવા પાણી ઘણું ય શ્વાન. ૧૪
હૃદ્યાર્થહીના સુપદો સહિતા, વાણી બુધોના મનને ગમે ના;
રે ! આકડાના દૂધની સરિતા, દૃષ્ટિપ્રિયા યે જનને રુચે ના. ૧૫
પુણ્યોથી કોઈકની હોય વાણી, શબ્દાર્થ સંદર્ભ વિશેષ ખાણી;
ઈંદુ વિના દ્યુતિ ન અન્યકેરી, સુધાધુની ઉત્તમ ધૂણનારી. ૧૬

## સજ્જનોને ભાવાંજલી

રચાયલા શ્રવ્ય સુકાવ્ય ઠામે, કોઇ સચેતા બુધ તોષ પામે;
સ્રીના કટાક્ષે તિલકાખ્ય વૃક્ષ, રોમાંચ પામે, ન જ અન્ય વૃક્ષ. ૧૭

---

છે, છતાં હું યથાશક્તિ આ જિનનું ચરિત્ર કહીશ. બાકી તો વાગ્દેવતા પોતે પણ આ સમ્યક્પણે વર્ણવી શકે એમ નથી. એ શબ્દોવડે જિનચરિત્રનો ગરિમાતિશય બતાવ્યો હોઇ અત્રે **ઉદાત્ત અલંકાર** છે.

**૧૪.** અર્થ ભલે હૃદયમાં રહ્યો હોય, પણ ગાંઠે વાગ્વૈભવ ન હોય, સુંદર શબ્દભંડોળ ન હોય, તો કોઇ પણ કવિ કાવ્યગ્રથનમાં વિચક્ષણ ન થાય. આનું અત્ર **અર્થાંતરન્યાસથી** સમર્થન કર્યું છે. ગમે તેટલું પાણી હોય પણ શ્વાન તો જિહ્વાના અગ્રભાગથી સ્પર્શ કર્યા વિના તે પી શકે નહિ. તાત્પર્ય:—અર્થ તો ઘણો હૃદયમાં ભર્યો હોય, પણ તે જીભને ટેરવે ન ચઢે, એટલે કે સુંદર શબ્દ-રચનારૂપ વાણીદ્વારા વ્યક્ત ન થઇ શકે તો તેથી ગ્રંથસાફલ્ય ન થાય. આમ સુંદર શબ્દવૈભવની (પદની) ઉપયોગિતા બતાવી.

**૧૫.** હવે આ શ્લોકમાં અર્થની મહત્તા બતાવે છે. મનને ગમે એવા (હૃદ્ય) અર્થ વિનાની, પણ સુંદર પદબંધવાળી વાણી પણ બુધજનોના મનને રુચતી નથી; **અર્થાંતરન્યાસથી** તેમનું **સમર્થન** કરે છે—આકડાના દૂધની નદી પણ, આંખને ગમે એવી હોય છતાં, લોકોને રુચતી નથી. તાત્પર્ય:–વાણી ગમે તેવી શબ્દ-ચમત્કૃતિવાળી હોય–શબ્દાડંબરવાળી હોય, પણ સુંદર અર્થથી વંચિત હોય તો તે બુધપ્રિય થતી નથી.

**૧૬.** ઉપરના બે શ્લોકમાં અર્થ–શબ્દની જુદી જુદી વિવક્ષા કરી, હવે તે બન્નેનો સુયોગ તો કોઇક ધન્યને જ સાંપડે છે તે અત્ર કહ્યું છે.—પુણ્યોવડે કરીને જ કોઇકની જ વાણી શબ્દ–અર્થ-સંદર્ભની વિશેષતાથી ભરેલી હોય છે. પૂર્વોક્ત સામાન્ય વસ્તુનું વિશેષથી સમર્થન કરે છે (**અર્થાંતરન્યાસ અલંકાર**) કે:–ચંદ્ર વિના અન્યની કાંત સુધા–અમૃતની સરિતા ન હોય, કે ઉત્તમને (ઉત્–તમસ્)–ગાઢ અંધકારને ઊડાડનારી ન હોય. અહીં **શ્લેષ** આમ ઘટાવવો:—

જેમ ચંદ્ર અમૃતની નદી રેલાવે છે તેમ કવિ વચનરૂપ અમૃતની નદી રેલાવે છે; જેમ ચંદ્ર (ઉત્–તમસ્) ઉત્તમને–ગાઢ અજ્ઞાન અંધકારને ધૂણી નાખે છે, ઊડાડી દે છે, તેમ કવિ ઉત્તમ–ગાઢ અજ્ઞાન અંધકારને ઊડાડે છે, અથવા ઉત્તમ જનોને ધૂણાવે છે–ડોલાવે છે અથવા ઉત્તમાંગને ધૂણાવે છે. અહીં પોતાના નામનો એક દેશ '**ચંદ્ર**' મૂકી કવિએ પોતાનું નામ ધ્વનિત કર્યું છે, અને સૂચવ્યું કે મ્હારી વાણી શબ્દ–અર્થના સુયોગવાળી હશે.

**૧૭.** શ્રવણ કરવા યોગ્ય એવું કાવ્ય રચાતાં તે પ્રત્યે કોઈક **સચેતા–સહૃદય** વિદ્વાન્ જ પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રીતિ પરા તુચ્છ ગુણે પરોના, મોટા સ્વગુણે પણ તોષ તો ના;
એવો જ જેના મનનો વિવેક, તે સાધુને પ્રાર્થવું શું જ છેક ? ૧૮

સંતોતણા સર્જનમાં વિધિથી, ક્રમે ખર્યા જે પરમાણુ-તેથી;
માનું રચાયા ઉપકારી અન્ય, અબ્ધિ દ્રુમો ચંદન ચંદ્ર ધન્ય. ૧૯

પરાઙ્મુખા તો ય પરોપકારી, પ્રવૃત્તિમાં સાધુ જ શક્તિશાલી;
શું પીઠ દે તોપણ કૂર્મ આંહિ, ભારી ભૂ-ઉદ્ધારણ શક્ત નાંહિ ? ૨૦

નિસર્ગશુદ્ધા સતને ન કોય, ચેતો વિકારાર્થ ઉપાધિ હોય;
વિવર્ણયોગે ત્યજતા સ્વભાવ, સ્ફટિકનો એથી શું તુલ્યભાવ ? ૨૧

(અપૂર્ણ)

**—ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા**

---

તોષ પામે છે; **અર્થાંતરન્યાસથી** આ વાતનું સમર્થન કરે છે:-સ્ત્રીના કટાક્ષોથી તિલક નામનું વૃક્ષ જ રોમાંચિત થાય છે, બીજા વૃક્ષો નહિં.

૧૮. પારકા સ્વલ્પ ગુણમાં પણ પરમ પ્રીતિ દાખવવી, અને પોતાના મહદ્ ગુણમાં પણ સંતોષ ન ધરવો, એવો જેના મનનો વિવેક છે તે સંતજનો પ્રત્યે શું પ્રાર્થના કરવી ? એમને પ્રાર્થના જેવું કશું ય રહ્યું જ નથી. અહીં **આક્ષેપ** અલંકાર છે; કારણ કે પ્રસ્તુત કહેવા યોગ્ય વસ્તુમાં હવે વિશેષ શું કહેવું એમ નિષેધ કર્યો છે.

૧૯. પરોપકારપરાયણ સત્પુરુષો અંગે કવિ અત્રે **ઉત્પ્રેક્ષા** કરે છે કે:—વિધાતાએ સત્પુરુષોનું નિર્માણ કર્યું તે વેળાએ ક્રમે કરીને જે થોડાઘણા પરમાણુ ખરી પડ્યા, તે વડે કરીને સમુદ્ર, ચંદ્ર; ચંદન, વૃક્ષ આદિ બીજા ઉપકારીઓ રચાયા છે, એમ હું માનું છું.

૨૦. સંતજનો પરાઙ્મુખ હોય તો પણ પરોપકાર પ્રવૃત્તિનો ભાર ઉપાડવાને તેઓ જ સમર્થ છે; **અર્થાંતરન્યાસથી** આ વાતનું સમર્થન કરે છે-કાચબો પીઠ આપે છે તો પણ શું ભારી પૃથ્વીનો ભાર ઉપાડવામાં સમર્થ નથી ?

૨૧. સંતજનોને ઘણી વખત સ્ફટિકની ઉપમા આપવામાં આવે છે, પરંતુ તે ઉપમા પણ ન્યૂન છે, એમ તે ઉપમાનનો તિરસ્કાર કર્યો હોઇ અત્રે **પ્રતીપ અલંકાર** છે. તે આ પ્રકારે:—

સ્વભાવથી શુદ્ધ એવા સંતોને ચિત્તનો વિકાર ઉપજાવે એવી કોઇ ઉપાધિ હોતી નથી; પરંતુ સ્ફટિક તો બાહ્ય ઉપાધિરૂપ જુદા જુદા વર્ણના સંયોગે તેવા તેવા વર્ણનો આભાસ બતાવી પોતાના સ્વભાવનો (ઉપચારથી) ત્યાગ કરે છે; માટે તે સ્ફટિકનો સંત સાથે તુલ્યભાવ ક્યાંથી ઘટે ?—આમ ઉપમાનની નિંદા કરી ઉપમેય-સંતનું માહાત્મ્ય દૃઢતર કર્યું છે.

આમ ૧૭ થી ૨૧ શ્લોક પર્યંત સંતજનોની સ્તુતિરૂપ ભાવાંજલિ આપી છે. હવે ૨૨ થી ૩૧ શ્લોક પર્યંત દુર્જનોની મીમાંસા કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્ જ્ઞાનની કુંચી

# આત્મોદ્ધાર અને મુક્તિ

આદ્ય લેખકઃ–શ્રીમાન્ ચંપતરાયજી જૈની બાર-એટ-લૉ

[ ગત વર્ષના પૃષ્ઠ ૩૦૩ થી શરૂ ]

**"દરેકની મુક્તિ પરમાત્માની માન્યતા અને પરમાત્માનાં જ્ઞાન ઉપર નિર્ભર રહે છે."—સ્વીડનબર્ગ.**

**"આ મહાન્ આત્મા અજન્મા, અવિનાશી અને અમર છે. ભયરહિત આત્મા બ્રહ્મરૂપ છે. જે મનુષ્યોને આત્માનું યથાર્થ જ્ઞાન થાય તે બ્રહ્મ બની જાય છે."–બૃહદારણ્યક ઉપનિષદ.**

પ્રભુના કૃપાપાત્ર કોઇ દેવ આદિની કૃપાદૃષ્ટિથી મુક્તિ પ્રાપ્ત થઇ શકે છે એમ કેટલાક માને છે. કેટલાક પ્રભુની કૃપા અમુક વિક્રયથી પ્રાપ્ત થાય છે અને એ રીતે મુક્તિ મળી શકે છે એમ પણ માને છે. કેટલાક મુક્તિ એટલે સ્વર્ગ એમ ધારે છે. આ સર્વ માન્યતા એવી છે કે, તેમાં મુક્તિ કે સ્વર્ગની પ્રાપ્તિ બીજાની ઇચ્છા ઉપર નિર્ભર રહે છે, એમ સ્પષ્ટ રીતે પ્રતીત થઇ શકે છે. મુક્તિપ્રાપ્તિમાં મનુષ્ય પોતે તો મર્યાદિત બને છે.

કોઇ બીજાની કૃપા કે શક્તિથી મુક્તિ મળે એવું મુક્તિનું સ્વરૂપ ન જ હોઇ શકે. ક્રાઇસ્ટનાં દુઃખો અને મૃત્યુથી ઇશ્વરની કૃપાની સંપ્રાપ્તિ, પાપીઓની પાપનાં બંધનથી દંડદાનથી મુક્તિ, ફરીથી પાપ કરવા માટે શિક્ષાની પાત્રતા એ બધાં મંતવ્યો વિવેકશૂન્ય લાગે છે.

ઇસુનો વધ આજથી આશરે બે હજાર વર્ષ પૂર્વે થયો હતો. જો તેનું રકત–પ્રાપ્તિનું એકનું એક જ સાધન છે એવી માન્યતા ખરી જ હોય તો, એ રકતનું બલિદાન જેમને માટે અપાયું અને જેઓ એ બલિદાન પોતાને લાભદાયી હોવાનું માને છે તે સર્વને મુકિત મળી ગઇ હોવી જોઇએ અને હવે પણ મળવી જોઇએ. ઇસુદ્વારા મુક્તિ મળી શકે છે, એવી દૃઢ શ્રદ્ધા રાખનાર સ્ત્રી પુરુષને મુક્તિ અવશ્ય મળવી જોઇએ. આવી રીતે ઇસુખ્રીસ્તમાં અનન્ય શ્રદ્ધા રાખનારાઓને મુક્તિ મળી એમ કોઇ રીતે સંભવિત નથી લાગતું. રૂઢીચુસ્ત ઇસાઈઓ ભલે એ માન્યતાનું હજુ પણ સેવન કરે. આવી ઉન્માદયુક્ત માન્યતાનો ઉદ્ભવ કેવી રીતે થયો હશે એ ખરેખર કલ્પનાતીત થઈ પડે છે. અધિક શું ?

પાપની માફીથી મુક્તિ મળે અથવા તો દોષિત હોવા છતાં કોઈને યોગ્ય શિક્ષા બીલકુલ ન થતાં મુક્તિની પ્રાપ્તિ થાય એવી માન્યતા ધર્મદૃષ્ટિએ બીલકુલ યોગ્ય નથી. આત્માના ગુણો અને શક્તિઓનો પરિપૂર્ણ રીતે વિકાસ થાય અને આત્માની આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વથા ઉન્નતિ થાય ત્યારે જ મુક્તિ શક્ય બને છે. મુક્તિ વાંચ્છુકનું જીવન ગૌરવયુક્ત નિષ્પાપ હોય, મુક્તિના વાંચ્છુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ભય અને નિર્વિકારી હોય, ભયરહિત સંપૂર્ણ અને નિરામય મુક્તિની પ્રાપ્તિ માટે જેમને ઝંખના હોય તેમણે સંપૂર્ણ નિર્ભય અને સદ્‌ગુણી બનવું જોઇએ. મુક્તિ એટલે સંપૂર્ણતા, સુરક્ષિતતા અને નિરામયતા–મુક્તિ એટલે પરમ સુખ અને પરમ જ્ઞાનમય સ્થિતિ. મુક્તિના ઇચ્છુકોએ મુક્તિનું આ રહસ્ય બરોબર સમજવું ઘટે છે.

ક્રાઇસ્ટના અનુયાયીઓએ મુક્તિ આદિના સંબંધમાં ક્રાઇસ્ટના સત્ય બોધને કેવો વિકૃત અને નિર્માલ્ય કરી મૂકયો છે એ હવે જગતને બરોબર સમજાવા લાગ્યું છે. આત્માની સુખમય સ્થિતિના સંબંધમાં ક્રાઇસ્ટે પ્રદર્શિત કરેલા વિચારો બરોબર ન સમજયાથી ક્રાઇસ્ટના અનુયાયીઓએ સ્વર્ગ કે મુક્તિને કોઇ સ્થાનરૂપ માની લીધેલ છે. વિદેહ પામેલા મનુષ્યો અમુક એક દિવસે સ્વર્ગમાં જશે અને ત્યાં વિલાસમાં પોતાનું જીવન વ્યતીત કરશે એવી ખ્રિસ્તીઓની કલ્પના છે. ખ્રિસ્તીઓની સ્વર્ગ સુખ વિષયક આ માન્યતામાં ઇન્દ્રિય–વાસનાનું પ્રાધાન્ય છે. ખ્રિસ્તીઓનું સ્વર્ગ ખરેખર આવું જ હોય તો તે સ્વર્ગ તેમને મુબારક હો ! આત્માને સ્વર્ગ કે એવાં જ કોઇ સ્થાનમાં સત્ય સુખ મળી શકે એમ ક્ષણ પણ માની શકાતું નથી.

ઇન્દ્રિયોના ભાવો ભાગ્યે જ સુખદાયી હોય છે. જે ભાવો સુખદાયી હોય છે તે વારંવાર અનુભવ થવાથી, દુઃખ કે ઘૃણા ઉત્પાદક નીવડે છે. આથી મૃત્યુ બાદ પુનરુત્થાન પ્રાપ્ત કરીને કહેવાતાં સ્વર્ગમાં ગયેલા ( કે જતા ) મનુષ્યો સુખી છે કે સુખી થાય એમ માનવું એ બુદ્ધિશૂન્ય જણાય છે. ઇચ્છાથી મુક્તિ હોય ત્યાં જ સુખ હોય. ઇન્દ્રિય–લાલસામાં ઇચ્છાનું પ્રાધાન્ય હોય એટલે સુખની સંભાવના ન હોય. આત્મા સર્વ ઇચ્છાઓથી મુક્ત બની પરિપૂર્ણ બને છે ત્યારે જ આત્માને પરમ સુખની પ્રાપ્તિ થાય છે. કોઇ બાહ્ય સાધનોથી આત્માને વાસ્તવિક સુખ મળી શકતું નથી. આત્મા પરિપૂર્ણ બને એટલે પરિસ્થિતિ ગમે તેવી હોય છતાંયે આત્માને સુખ મળી રહે છે.

ખ્રિસ્તીઓનો મુક્તિનો સિદ્ધાન્ત સર્વથા દોષપૂર્ણ હોવાથી તે કોઇ રીતે સ્વીકાર્ય થઇ શકતો નથી. કોઇ મનુષ્ય પૈસા આપીને ગીરો મૂકેલી વસ્તુ પાછી મેળવી શકે છે. પૈસા આપ્યા બાદ વસ્તુ પાછી માગવાનો તેને હક્ક છે. આધ્યાત્મિક મુક્તિ પણ કોઇ બીજા દ્વારા કોઇ રીતે ન પ્રાપ્ત થઇ શકે. જો ઇસુ દ્વારા મુક્તિ શકય હોય તો લાખો મનુષ્યોને મુક્તિની પ્રાપ્તિમાં વિલંબ શા માટે થાય છે ? મુક્તિના સુખની તાત્કાલિક પ્રાપ્તિ કેમ નથી થતી ?

ઇંદ્રિય લાલસાઓથી સર્વથા મુક્ત થતાં મનુષ્ય પાપથી મુક્ત થાય છે અને મુક્તિનો અધિકારી બને છે. આત્માની અધઃપતન યુક્ત સ્થિતિમાં દુઃખ અને મૃત્યુ જ હોય. ઇંદ્રિય લાલસાઓથી સુખ કે મૃત્યુની સંભાવના ન હોઇ શકે. ઇંદ્રિય–લાલસાઓથી આત્માની અધઃપાતયુકત સ્થિતિમાં મનુષ્ય અપૂર્ણ જ રહે. ઇંદ્રિય લાલસાઓના વિચ્છેદથી જ મનુષ્ય પરિપૂર્ણ બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્તિ એ અમરત્વ અને આનંદનાં દ્વાર-રૂપ છે. મૃત્યુયુક્ત સ્થિતિમાં આત્માના દિવ્ય ગુણોનું આવરણ થયા કરે છે. ભૌતિક વસ્તુઓ અને આત્માની એકતાનાં અસત્ય મંતવ્યથી આત્માનું નિરંતર અધઃપતન થયા કરે છે. નૈસર્ગિક અમર જીવનમાં આત્મા અને ભૌતિક વસ્તુઓ વચ્ચેનો વિભેદ યથાર્થ રીતે સમજાય છે. આત્મા, પરમાત્મા, સર્વજ્ઞ અને સચ્ચિદાનંદ હોવાનો સાક્ષાત્કાર થાય છે. ક્ષણભંગુર ભૌતિક વસ્તુઓને પ્રાધાન્ય આપવાથી મનુષ્ય-નો અધઃપાત થાય છે. શરીર આદિ પર મમત્વ રાખનારાઓ પરમાત્માની ઉપેક્ષા કરે છે. પરમાત્માને સ્થાને શરીરરૂપી ક્ષણભંગુર પુતળું તેમને સર્વસ્વ રૂપ લાગે છે. આત્માના દિવ્ય ગુણોનો સંપૂર્ણ વિકાસ થાય તે માટે આવી નિર્માલ્ય મનોવૃત્તિમાં પરિવર્તનની અત્યંત આવશ્યકતા છે. નિર્માલ્ય મનોવૃત્તિમાં યથાર્થ પરિવર્તન થયા વિના આત્માના ગુણો અને શક્તિઓનો સંપૂર્ણ વિકાસ શકય નથી. આત્માની શકિતઓ અને ગુણોના યથાર્થ વિકાસ વિના મુક્તિની સંભાવના ન હોય. મુક્તિના વાંચ્છુકોએ નિર્માલ્ય મનોવૃત્તિમાં આદર્શ પરિવર્તન સત્વર કરવું ઘટે છે.

(ચાલુ)

संसारमावन्न अट्ठा, साहारण जचं करेइ कम्मम् ॥
कम्मस्सते तस्स उवेई काले, न बंधवा बंधवयं उवेंति ॥ १ ॥

उत्तराध्ययन सूत्र, अध्याय ४

અર્થાત્—આ સંસારમાં પ્રાણીઓ પારકાને જ અર્થે નાના પ્રકારના કર્મો કરે છે, પણ પછી તે કર્મનો બદલો ભોગવવાના કાળે બંધુ વિગેરે કુટુંબ કોઇ પણ આડું આવતું નથી અર્થાત્ પોતાને જ ભોગવવા પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખની શોધમાં

## આનંદ તથા સુખ માટે જડ વસ્તુની સર્વથા આવશ્યકતા નથી

લેખક : આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આનંદ તથા સુખ શું વસ્તુ છે તેને જાણવાની અત્યંત આવશ્યકતા છે. આપણે જે વસ્તુ મેળવવી હોય તેનો સ્વભાવ, ગુણ તથા ધર્મ, તેમજ અનુકૂળતા તથા પ્રતિકૂળતા આદિ બાબતો સાચી રીતે અને સારી રીતે જાણતા હોઈયે તો જ તે વસ્તુ સાચી તથા સારી મેળવી શકીયે છીએ, જેથી કરી આપણી ઇચ્છા પૂર્ણ થવાથી આપણને સંતોષ મળે છે. અણજાણપણે અજ્ઞાનતાથી બહુ લોકમાર્ગને અનુસરીને દેખાદેખીથી ઝંપલાવવાથી આપણને લાભને બદલે નુકશાન થાય છે. આપણું અમૂલ્ય જીવન વિનાશ કરીને તુચ્છ તથા અસાર વસ્તુઓનો સંગ્રહ કરી લઈયે છીએ, કે જે વસ્તુઓ આપણું ઇચ્છિત સાધવાવાળી ન હોવાથી નિરાશાપૂર્વક છોડી દેવી પડે છે; અથવા તો તે વસ્તુઓ વિનાશી હોવાથી સ્વતઃ નષ્ટ થઈ જાય છે. માટે જ આનંદ તથા સુખનું સ્વરૂપ સાચી રીતે જાણ્યા પછી જ તેને મેળવવા પ્રયત્ન કરવામાં આવે તો અંતે પશ્ચાત્તાપપૂર્વક નિરાશ ન થવું પડે.

સંસારમાં પ્રાણી માત્ર આનંદ તથા સુખના અભિલાષી છે; અને તે આનંદ તથા સુખ મેળવવા નિરંતર પ્રયત્નવાળા થઇને આખુંય માનવ જીવન તેના માટે વ્યતીત કરે છે. છતાં માનવીઓનો મોટો ભાગ આનંદ તથા સુખના માટે હતાશ થયેલો દષ્ટિગોચર થાય છે. તેનું કારણ તપાસીયે છીએ તો સ્પષ્ટ જણાઇ આવે છે કે, આનંદને ઇચ્છનારા મનુષ્યો અજ્ઞાની જીવોની સુખના માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓને અનુસરવાવાળા હોય છે, જેથી કરીને છેવટે તેમને આનંદ–સુખના માટે નિરાશા ભોગવવી પડે છે.

જીવોને અનાદિ કાળનો અભ્યાસ તથા જન્માંતરોના સંસ્કારોને લઇને સાચું સુખ તથા આનંદને પોતે પ્રાપ્ત કરી અન્યને પ્રાપ્ત કરાવનાર મહાપુરુષોનો માર્ગ તથા વચનો રૂચતાં નથી, અને મિથ્યા આનંદ તથા સુખના પ્રવાહમાં તણાતા અજ્ઞાની જીવોની સાથે પોતે પણ તણાય છે, ને છેવટે આપત્તિ–વિપત્તિના સમુદ્રમાં ગોથાં ખાધા કરે છે. સાચા સુખનો માર્ગ પૂર્વે કોઈપણ જન્મમાં જોયેલો ન હોવાથી તેમને સુખના માટે ભય તથા સંશય રહે છે. સુખ મળશે કે કેમ? દેખીતું તો દુઃખ જણાય છે, ઇત્યાદિ વિકલ્પો થયા કરે છે.

જે વસ્તુ તરતજ અસર કરવાવાળી હોય, તત્કાળ ફળ આપવાવાળી હોય–ચાહે પછી તે ક્ષણિક–અસ્થિર કે અસાર કેમ ન હોય તે અજ્ઞાની જીવોને બહુ જ ગમે છે. દેખાવમાં ચિત્તાકર્ષક, ઉપભોગમાં આનંદ આપનારી કે ગુણ કરનારી હોવી જોઇએ. ઘડી પછી ભલે તેના રૂપ, રંગ કે ગુણ કેમ ન બદલાઇ જાય, અજ્ઞાનીઓ તેના માટે તલસતા રહે છે.

ક્ષણિક આનંદ તથા ક્ષણિક સુખ જડ વસ્તુઓનો ઇન્દ્રિયો સાથે સંયોગ થવાથી ઉત્પન્ન થાય છે, અને તે જડ વસ્તુઓના વિયોગથી નષ્ટ થાય છે, જડનો સંયોગ બન્યો રહે અથવા તો નષ્ટ થાય તો પણ એક વખત થયેલા સંયોગ સ્મરણથી પણ જીવને ક્ષણિક આનંદ તથા સુખ મળે છે. જડ સંયોગના પ્રથમ ક્ષણમાં જે આનંદ અને સુખ જીવો ભોગવે છે, તે અનન્તર ક્ષણોમાં ઘણું જ ઓછું ઓછું થતું જાય છે, અને તે છેવટે દુઃખના રૂપમાં બદલાઇ જાય છે; અર્થાત્ જે જડ સંયોગ આનંદ તથા સુખ આપનાર હોય છે તે જ સંયોગ નિરાનંદતા તથા દુઃખ આપનારો થઇ જાય છે, જેથી કરીને જીવો તેવા સંયોગનો વિયોગ ઇચ્છયા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકૂળ જડ વસ્તુઓનો સંયોગ થતાં વેંત જ તત્કાળ ક્ષણિક સુખ તથા આનંદ પ્રાપ્ત થાય છે. પણ સાચું સુખ તો જીવ ઉપર રહેલા આવરણોનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે. સાચા સુખને ન ઓળખી મિથ્યા સુખને જ સુખ માનનારા અજ્ઞાની જીવો અનુકૂળ જડ સંયોગ માટે જ નિરંતર પ્રયત્ન કર્યે જાય છે. પરંતુ અજ્ઞાનતાથી આવરણોના ક્ષય માટે લેશ માત્ર પણ પ્રયત્ન કરતા નથી, જેથી કરી તેમની સુખની ઇચ્છા પૂર્ણ થતી નથી.

આત્મા ઉપર જ્યાં સુધી આવરણો વિદ્યમાન છે ત્યાં સુધી લેશ માત્ર પણ સુખ જીવોને મળી શકતું નથી; કારણ કે સુખ આત્માનો સ્વભાવ છે, આત્માનું સ્વરૂપ છે. આવરણોના વિદ્યમાનપણામાં અનુકૂળ જડના સંયોગથી જીવો જે સુખ માને છે તે દુઃખમાં સુખની ભ્રાન્તિ છે—ભ્રાન્તિજન્ય સુખ છે, વાસ્તવિક સુખ નથી. અને તેથી કરીને પરિણામે તે દુઃખના રૂપમાં બદલાઇ જાય છે અર્થાત્ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. બે જડ વસ્તુઓના સંયોગનું નામ સુખ નથી; પણ આત્મા અને આત્માની સાથે મળેલા જડના વિયોગનું નામ સુખ છે. સુખ અને આત્મવિકાસ નામાંતર છે પણ અર્થાંતર નથી; તેવી જ રીતે દુઃખ અને આત્મવિનાશ પણ નામાંતર જ છે.

કોઇને પેટમાં મળ ભરાઈ રહેવાથી દરદ થતું હોય, અને વૈદ્ય પેટ ઉપર દવા ચોપડે કે તરત જ તે દવાની અસરથી પેટમાં દુખતું બંધ થઇ જાય છે; પણ તે દવાના પરમાણુઓ નષ્ટ થયા પછી દવાને અંગે મટી ગયેલ દરદ પાછું હતું તેવું થઇ જાય છે—ક્ષણિક જ આરામ રહે છે અને દવા ન ચોપડતાં જુલાબ આપી મળશુદ્ધિ કરવામાં આવે તો સર્વથા દરદનો નાશ થઈ જાય છે, મળના અભાવે લેશ માત્ર પણ દરદ રહેતું નથી, તેમજ પાછું થતું નથી. તેવી જ રીતે કર્મરૂપ મળને લઇને પીડાતા પ્રાણીઓને સુખના માટે—પીડા દૂર કરવા જડ વસ્તુઓના સંયોગ રૂપ ઉપચાર કરવામાં આવે તો તે જડનો જ્યાં સુધી સંયોગ રહે છે ત્યાં સુધી પ્રાણીઓ સુખ વેદે છે; પણ જડનો સંયોગ દૂર થવાથી પાછા હતા તેવા દુઃખી થઇ જાય છે. જો જ્ઞાની વૈદ્ય મળશુદ્ધિ સદૃશ ત્યાગ વૈરાગ્યનો જુલાબ આપી કર્મમળની શુદ્ધિ કરે તો પછી નિત્યસુખની પ્રાપ્તિ થાય છે. ફરીને આધિ-વ્યાધિનું દુઃખ ઉત્પન્ન થતું નથી. જીવો સુખી થવા માટે અનાદિકાળથી વિવિધ પ્રકારના જડના વિકારોના સંયોગ રૂપ ઉપચાર કરતા આવ્યા છે, છતાં કર્મમળના સદ્ભાવથી જન્મ, જરા તથા મરણ આદિના દુઃખો ભોગવી રહ્યા છે. જડાત્મક ક્ષણિક સુખમાં સંતોષ માનનારાઓ મુક્તિના અભાવે સાચા સુખથી વંચિત રહીને દુઃખોથી છૂટી શકતા નથી.

સંયોગથી ઉત્પન્ન થવાવાળી વસ્તુ બનાવટી હોય છે, માટે જ તે વસ્તુ સાચી હોતી નથી; કારણ કે સંયોગનો વિયોગ થવાથી તરત જ તે વસ્તુનો નાશ થઇ જાય છે. ઇંટ, ચૂનો, પત્થર, લાકડાં, માટી આદિના સંયોગથી બનેલું મકાન આપણને આનંદ આપે છે. પણ તે મકાન પડી જઇ ઈંટ વિગેરે વસ્તુઓ છૂટી પડી ગયા પછી આપણને આનંદ આપી શકતું નથી. રંગબેરંગી તાંતણાઓથી વણાઇ તૈયાર થયેલું વસ્ત્ર આપણને સુંદર લાગી આનંદ આપે છે, તે જ વસ્ત્ર ફાટી જવાથી, તાંતણાઓ છૂટા પડી ગયા પછી આનંદ આપતું નથી. આવી જ રીતે જડ તથા જડના વિકારોથી બનેલી બનાવટી વસ્તુઓ આત્માને સાચું સુખ તથા સાચો આનંદ આપી શકતી નથી.

આનંદ તથા સુખ આત્માના ધર્મ છે, અને તે આત્મામાં જ રહે છે. જેમ ફૂલની સુગંધ ફૂલમાં, સાકરની મીઠાશ સાકરમાં, દીવાનું અજવાળું દીવામાં રહે છે તેવી જ રીતે આત્માનો આનંદ તથા સુખ આત્માને છોડીને બીજી કોઈ પણ જડ વસ્તુમાં રહેતાં નથી. સાકરને મીઠાશ માટે, ફૂલને સુગંધી માટે અને દીવાને અજવાળા માટે બીજી વસ્તુઓની જરૂરત નથી તેવી જ રીતે આત્માને સુખ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માથી ભિન્ન અન્ય વસ્તુની જરૂરત નથી, કારણ કે મીઠાશ, સુગંધી, પ્રકાશ અને આનંદ માટે જે વસ્તુઓનો ઉપયોગ કરીયે તે વસ્તુઓ સાકર, ફૂલ, દીવો અને આત્મા જ હોય છે.

સંસારમાં રહેલા પદાર્થોમાં બે પ્રકારના ધર્મો હોય છે: એક તો સાધારણ ધર્મ અને બીજો અસાધારણ ધર્મ. સાધારણ ધર્મો ભિન્નભિન્ન વસ્તુઓમાં એક રૂપે રહેવાવાળા હોય છે અને અસાધારણ ધર્મો અમુક અમુક વસ્તુઓમાં જ ખાસ રહેવાવાળા હોય છે, જેમકે પ્રકાશ અસાધારણ ધર્મ છે અને તે દીપકમાં રહે છે. મીઠાસ સાકરમાં જ રહે છે, ખારાશ મીઠામાં જ રહે છે, સુગંધ પુષ્પોમાં જ રહે છે, આનંદ આત્મામાં જ રહે છે. અને સાધારણ ધર્મ જેવા કે–રતાશ, લાલાશ આદિ વર્ણ, કઠણ મૃદુ આદિ સ્પર્શ વિગેરે અનેક વસ્તુઓમાં રહેવાવાળા હોય છે. અસાધારણ ધર્મો પણ અન્ય વસ્તુના સંયોગથી અનેક વસ્તુઓમાં જણાય છે, પણ તે સંયોગ દૂર થવાથી તે ધર્મ પણ નષ્ટ થઇ જાય છે. જેમકે–પાણી શીતળ હોવા છતાં અગ્નિના સંયોગથી ઉષ્ણ થાય છે, દેહ જડ હોવા છતાં ચૈતન્યના સંયોગથી દેહમાં જ્ઞાન તથા ચેષ્ટા વિગેરે જણાય છે, પાણી આદિ ફીકી વસ્તુઓ સાકરના સંયોગથી મીઠી થાય છે, પણ અગ્નિ, ચૈતન્ય તથા સાકરનો વિયોગ થવાથી તે વસ્તુઓ પાછી પોતાના અસાધારણ ખાસ ધર્મવાળી જણાય છે. તાત્પર્ય કે અસાધારણ ધર્મ વસ્તુને ઓળખાવનાર હોઈ વસ્તુથી જુદો પડી શકતો નથી. અભેદપણે તે વસ્તુમાં જ રહે છે, અને સાધારણ ધર્મ અનેક વસ્તુઓમાં રહેતો હોવાથી વસ્તુને ઓળખાવી શકતો નથી અને બદલાતો રહે છે. કેરી કાચી હોય છે ત્યારે લીલી, કઠણ અને ખાટી હોય છે; પણ પાકે છે ત્યારે પીળી, નરમ અને મીઠી થાય છે. આત્માના ખાસ ધર્મ, જ્ઞાન, આનંદ તથા સુખ વિગેરે હોય છે તે કર્મરૂપ જડના સંયોગથી આધિ, વ્યાધિ, જન્મ, જરા, મરણ, મૂઢતા આદિ અન્ય ધર્મોનો આભાસ આત્મામાં થાય છે, કર્મનો સર્વથા વિયોગ થવાથી આત્માના ખાસ ધર્મો વિદ્યમાન રહે છે, અને બીજા સંયોગજન્ય ધર્મો નષ્ટ થઇ જાય છે; માટે જ આત્મામાં આધિ, વ્યાધિ કે દુ:ખ જેવી વસ્તુઓ નથી. જે જણાય છે તે કર્મજન્ય હોવાથી સુખના અભિલાષીઓએ કર્મનો નાશ કરવા, કર્મને આત્મામાંથી છૂટા પાડવા પ્રયત્ન કરવો જોઇએ પણ અન્ય જડનો સંયોગ ન ઇચ્છવો જોઇએ. જડના સંયોગથી કદાપિ સુખ મળી શકતું નથી. અગ્નિના સંયોગથી ઉનાં થએલા પાણીને શીતળ કરવાને અગ્નિ તથા અગ્નિ જેવા ઉષ્ણ પદાર્થોની આવશ્યકતા નથી પણ ઉષ્ણ પદાર્થોના વિયોગની જરૂરત છે, કાદવથી ખરડાએલા વસ્ત્રને ઉજળું કરવા કાદવની જરૂરત નથી પણ જે વસ્તુથી કાદવ દૂર થાય તેવી વસ્તુની જરૂરત છે. જો અગ્નિથી પાણી શીતળ થાય, કાદવથી વસ્ત્ર ઉજળું થાય તો જ જડ તથા જડના વિકારોથી આત્માને સુખ મળી શકે.

એક માણસ વગડામાં જન્મ્યો હોય, અને વગડો છોડીને બીજે કયાંય પણ ગયો ન હોય, જન્મથી જ કોઠા, બીલાં આદિ તુચ્છ ફળો ખાઈને આનંદ માનતો હોય તેવા માણસને શહેરમાં લાવીને સારામાં સારૂં મિષ્ટાન્ન જમાડીયે તો તેને તે મિષ્ટાન્ન ભાવશે નહીં, તેને મિષ્ટાન્ન ખાવાને રૂચિ પણ નહિ થાય તો પછી તેને આનંદ તથા સુખ તો કયાંથી જ મળે? તેને તો કોઠા તથા બીલાં જ ખાવાનું મન થયા કરશે, તેવી જ રીતે જે જીવોએ અનાદિ કાળથી જડ વસ્તુઓના સંયોગજન્ય ક્ષણિક સુખનો જ સ્વાદ ચાખ્યો છે તેને જડ વસ્તુના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્વ ત્યાગથી ઉત્પન્ન થતા સાચા સુખ પ્રત્યે રૂચિ હિં જ થાય, તેને સાચું સુખ ગમશે જ નહિં; ણિક મિથ્યા સુખની જ અભિલાષા થયા કરશે.

ભોગજન્ય સુખ અને ત્યાગજન્ય સુખ, આ ને પ્રકારના સુખમાં ઘણું જ અંતર રહેલું છે. યાગજન્ય સુખ, ઉત્તમ પ્રકારનું અને ચિરસ્થાયી ે ત્યારે ભોગજન્ય સુખ કનિષ્ઠ અને ક્ષણિક છે. ણે ત્યાગજન્ય સાચા સુખનો સ્વાદ ચાખ્યો છે, ને પછી ભોગજન્ય સુખ ભાવતું નથી, તેમજ સર-ાઇ આનંદ પણ મળી શકતો નથી. મહાત્મા પુરુષો ાગજન્ય સુખથી તૃપ્ત થએલા હોવાથી તેમની સર-ાઇ વૃત્તિઓ ભોગ તરફ જતી નથી, કારણ કે તેઓ ાેગોને રોગો માને છે પણ સુખ માનતા નથી.

ભોગો ભોગવતા સુધી જ મીઠા લાગે છે, પણ છળથી તેનાં ફળ ઘણાં જ કડવાં હોય છે. ભોગો ગવ્યા પછી ભોગોના સુખનો અંશ પણ તો નથી. તમે મિષ્ટાન્ન ખાઓ છો તેનો સ્વાદ જ્યાં ધી જીભ પર હોય છે ત્યાં સુધી જણાય છે; માં ગયા પછી તેનો સ્વાદ લેશ માત્ર પણ જણા-નથી એટલું જ નહિં પણ તે પછી કોઇ પણ સ ખાધેલા મિષ્ટાન્નનો આનંદ મળી શકતો . નાટક જોવામાં પણ જ્યાં સુધી જુઓ ત્યાં ી જ આનંદ, પછી તે આનંદનો અંશ પણ ા નથી. આવી જ રીતે બીજી ઇંદ્રિયોના વિષયો ભોગજન્ય હોવાથી ક્ષણિક અને મિથ્યા ાનંદવાળા હોય છે.

સાચા આનંદ તથા સુખને માટે કોઇ પણ ારના ભોગોની જરૂરત રહેતી નથી, કારણ કે ખ તથા આનંદને ભોગવનાર આત્મા છે. તે ાત્માના અંદર રહેલા આનંદ ભોગરૂપી આવરણો સી જવાથી પ્રગટ થાય છે. તે સંપૂર્ણ ાટ થયા પછી કોઇ પણ કાળે જતો ન હોવાથી આત્માને તે આનંદના માટે ભોગોની આવશ્યકતા રહેતી નથી. જેમકે—કોઇ માણસ ગરીબ હોય અને તેને શ્રીમંત થવું હોય છે ત્યારે તે માણસ બીજા-ની પાસેથી વ્યાજે પૈસા લઇને વ્યાપાર કરે છે. જ્યારે તે વ્યાપારમાં લાભ મેળવી સારો પૈસો કમાય છે ત્યારે તે વ્યાજે લીધેલા પૈસા આપી દઇને પોતાના પૈસાથી વ્યાપાર કરે છે; તેને બીજાની પાસેથી પૈસા લેવાની જરૂર પડતી નથી. જ્યાં સુધી માણસ અશક્ત હોય છે ત્યાં સુધી જ લાકડીના ટેકાની જરૂરત રહે છે. શક્તિ આવ્યા પછી લાકડીના ટેકાની જરૂરત રહેતી નથી. તેવી જ રીતે જ્યાં સુધી આત્માને પોતાનું સાચું સુખ મળતું નથી ત્યાં સુધી જ ક્ષણિક આનંદ માટે પારકી વસ્તુઓની જરૂરત રહે છે, પણ જ્યારે સાચા સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે તે પારકી વસ્તુઓને ચ્હાતો નથી.

સંસારમાં જડ વસ્તુઓનો ઉપભોગ કરનારા બે પ્રકારના અધ્યવસાયવાળા હોય છે. એક તો જીવન-નિર્વાહ માટે જડનો ઉપભોગ કરે છે, અને બીજા મોજશોખ માટે ઉપભોગ કરે છે. આ બંને પ્રકારના ઉપભોગ કરનારાઓમાંથી જેમનો આશય જીવન-નિર્વાહનો છે તેમને તો ગમવું ન ગમવું, સારૂં નરસું ઇત્યાદિ માનસિક વિકૃતિથી થતો ભેદભાવ હોતો નથી, જેથી કરી તેમને કોઇપણ પ્રકારની અગવડતા નડતી નથી; પરંતુ જેઓ આનંદ અને સુખના માટે જડનો ઉપભોગ કરે છે તેમને સારા નરસાનો ભેદ રહેલો હોવાથી જ્યારે સારી વસ્તુ મળે છે ત્યારે તેમને આનંદ પ્રાપ્ત થાય છે અને નરસી વસ્તુ મળે છે ત્યારે તેઓ ઘણા જ દુઃખી થાય છે.

જડ વસ્તુઓમાંથી આનંદને ખોળનારાઓ હંમેશાં અસંતોષી જ રહ્યા કરે છે, કારણ કે તેઓ મનને ગમતી, આંખોને ગમતી, જીભને ગમતી, કાનને ગમતી, નાકને ગમતી એવી પોતાને અનુકૂળ વસ્તુઓ મેળવવા માટે હંમેશાં ચિંતાવાળા હોય છે. પોતાને અનુકૂળ વસ્તુઓ મળ્યા પછી તે વસ્તુના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિયોગને ઇચ્છતા નથી; પરંતુ જે વસ્તુનો સંયોગ હોય છે તેનો વિયોગ પણ અવશ્ય હોય છે. જેથી કરીને મળેલી વસ્તુનો વિયોગ થવાથી તેમને ઘણું જ દુઃખ થાય છે. પાછી તે વસ્તુને મેળવવાની ચિંતા રહેવાથી નિરંતર તેઓ સુખને બદલે દુઃખ જ ભોગવ્યા કરે છે

જડ વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થનાર સુખને જ સુખ માનનારા માનવીઓના જીવનનો મોટો ભાગ દુઃખમાં જ વ્યતીત થાય છે, કારણ કે પ્રથમ તો જડાત્મક સુખ સાચું સુખ નથી પણ દુઃખમાં સુખની ભ્રાન્તિ હોવાથી ભ્રાન્તિજન્ય સુખ છે, બીજું જડનો સંયોગ વિયોગ થવાથી સુખનો પણ સંયોગ વિયોગ થવાનો જ. સંયોગો પણ અનેક પ્રકારના થતા હોવાથી અનુકૂળ સંયોગો તો કવચિત જ થાય છે. નહિં તો માનવજીવનમાં પ્રતિકૂળ સંયોગો ઘણા થાય છે. કોઇની પાસે ધન હોય છે, તો શરીર સારૂં નથી હોતું. શરીર સારૂં હોય તો ધન નથી હોતું. ધન, સ્ત્રી અને શરીર સારૂં હોય તો પુત્રનો સંયોગ નથી હોતો. આ પ્રમાણે સંસારમાં માનવીઓ અનુકૂળ સંયોગવાળા થોડા અને પ્રતિકૂળ સંયોગવાળા ઘણા હોય છે. એક જ વખતે અનુકૂળ સંયોગો એક બે હોય છે તો પ્રતિકૂળ સંયોગો પાંચ પચીસ હોય છે. એટલે એક બે બાબતની અનુકૂળતા પચીસ પ્રકારની પ્રતિકૂળતાને લઇને દબાઇ જવાથી સુખને બદલે દુઃખ જ અનુભવાય છે.

જડાશ્રિત માનવીઓ બધી વાતની પ્રતિકૂળતાને સહન કરી શકે છે, પણ ધનની પ્રતિકૂળતાને સહન કરી શકતા નથી. ફક્ત ધનની અનુકૂળતા મળે એટલે પોતાને પરમ સુખી માને છે. ભલે શરીર રોગ-ગ્રસ્ત કેમ ન હોય, અથવા તો સ્ત્રી, પુત્ર, મિત્ર કે સ્વજનાદિકની પ્રતિકૂળતા કેમ ન હોય, બધી બાબ તની પ્રતિકૂળતા કેમ ન હોય, બધી બાબતની પ્રતિ કુળતાને કેવળ ધનની અનુકૂળતાથી જ અનુકૂળ બનાવી શકે છે. અથવા તો માની લે છે; છત પરિણામે સુખથી વંચિત જ રહે છે.

સંસારમાં જ્યાં સુધી જીવ કર્મોના આવરણોથ મૂકાતો નથી ત્યાં સુધી જડ વસ્તુઓના સંયોગોમ રહેવાનો, અને એક પછી એક અનુકૂળ તથા પ્રતિ કૂળ સંયોગોમાં સુખ અને દુઃખ માનવાનો જ. અનાદિકાળનો અભ્યાસ હોવાથી અનુકૂળ જડનો વિયોગ તો નહિં જ ઇચ્છવાનો અને તેથી કરી જડના અનુકૂળ કે પ્રતિકૂળ સર્વ પ્રકારના સંયો આનંદ તથા સુખના બાધક છે એમ તો નથી માનવાનો, જેથી કરી જડ વસ્તુઓથી વિરક્ત નથી જ થવાનો, અને વિરક્ત થયા સિવાય સા નિત્યસુખનો સ્વાદ પણ નથી જ ચાખવાનો સા સુખના અભાવથી બનાવટી સુખ માટે અ પ્રકારના અપરાધો કરીને સંસારમાં ભટકવાનો.

ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણ આવે છે કે સુખ તથા આનંદ માટે સર્વ જડની આવશ્યક્તા નથી જ. જડ સુખનું ઉત્પ નથી પણ સાચા સુખનું બાધક છે; એવી દૃઢ શ્ર પૂર્વક જડ વસ્તુઓથી વિરક્ત બનીને તેનો કરનારાઓ જ સુખ તથા આનંદ મેળવી શકે કારણ કે સુખ તથા આનંદ સર્વથા જડના વિ ગને કહેવામાં આવે છે. સર્વથા સર્વ પ્રકારના જ મુક્ત થવું તે જ સુખ છે. જેમ સર્વ કાર્યથી થવું તે વિશ્રાન્તિ, સર્વ ચિંતાઓથી મુક્ત થવુ શાંતિ, સર્વ ઇચ્છાઓથી મુક્ત થવું તે સુખ સર્વ પ્રકારના જડથી મુક્ત થવું તેનું નામ આનં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી સલાહ.

( હિન્દી પરથી અનુવાદિત )

કેટલાક વર્ષ પહેલાંની વાત છે કે હડસન નદીમાં 'હેનરી કલે' નામના એક જહાજને બાળી નાખવામાં આવ્યું હતું. વહાણના મુસાફરો ડૂબીને મરણશરણ થયા હતા. ડૂબી ગયેલા લોકોમાં માનનીય 'સ્ટીવન એલન' નામના એક સજ્જન પણ હતા. તેમની ડાયરીમાંથી કોઇ એક સમાચાર પત્રનું કટિંગ મળ્યું હતું. તેનો અનુવાદ અહીં દેવામાં આવે છે. પ્રત્યેક જુવાન પુરુષના હૃદય પર આ વચનો અંકિત થવા આવશ્યક છે.

૧ બહુ જ ઓછી પ્રતિજ્ઞા કરો.

૨ હમેશાં સાચું બોલો.

૩ કોઇની બુરાઈ–નિંદા ન ગાઓ.

૪ સારાનો સાથ કરો, નહિંતર એકલા રહો.

૫ જીવનને નિયમિત બનાવો.

૬ જુગાર ન ખેલો.

૭ માદક પદાર્થોનો ઉપયોગ કદી ન કરો.

૮ બીજી બધી ચીજો કરતાં સચ્ચારિત્ર શ્રેષ્ઠ છે.

૯ પોતાની ગુપ્ત વાત અન્યની હાજરીમાં કોઇને ન કહો.

૧૦ બને ત્યાં સુધી ક્યારે પણ કરજ ન કરો.

૧૧ જ્યાં સુધી તમે તમારી સ્ત્રીને આરામથી ખવરાવી શકો એટલું ન કમાઓ ત્યાં સુધી લગ્ન ન કરો.

૧૨ જો સુખી થવા ચાહતા હો તો નિષ્પાપ રહો.

૧૩ કોઇની સાથે વાત કરતાં તેના મ્હોં સામું જુઓ.

૧૪ જો સફળતા ચાહતા હો તો ધનવાન બનવા ઉતાવળ ન કરો.

૧૫ આવકથી ખર્ચ ઓછું કરો.

૧૬ વૃદ્ધાવસ્થા માટે જુવાનીમાં બચાવીને રાખો.

૧૭ પ્રલોભનોથી–એ ભય રાખીને કે તમે એના પ્રભાવથી બચી નહીં શકો–હમેશાં દૂર રહો.

૧૮ કરજ અદા કરવાનો જો માર્ગ ન હોય તો ક્યારે પણ કરજ ન કરો.

૧૯ અલ્પ પણ સ્થિર લાભોથી ચિત્તને શાંતિ અને યોગ્યતા મળે છે.

૨૦ ઉત્તમ સંગતિ અને મધુર ભાષણ એ સદ્‌ગુણના સ્થંભ છે.

૨૧ ચારિત્રને તમારી કૃતિ વિના અન્ય કોઇ પણ કલંકિત કરી શકતા નથી.

૨૨ તમારા ચારિત્ર્યને એટલું તો પવિત્ર બનાવો કે જેથી કોઇ તમારી નિંદા કરે તો પણ લોકો એ વાત ન માને.

૨૩ રાત્રે સૂવા પહેલા વિચારો કે દિનભરમાં શું શું કર્યું ?

૨૪ આળસુ ન બનો. તમારા હાથ કોઇ ઉપયોગી કામમાં ન લાગ્યા હોય તો માનસિક વિકાસ તરફ લક્ષ દો.

આ મનનીય વાક્યોને ક્રમમાં ક્રમ અઠવાડીયામાં એક વખત ધ્યાનપૂર્વક વાંચી આચારમાં ઉતારો.

અનુવાદકઃ—રાજપાળ મગનલાલ વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર વચનો

તમે હંમેશાં માયાળુ શબ્દો બોલો તો તમારા બોલેલ શબ્દો કદી નિષ્ફળ જવાના નથી, અને પુષ્પની માફક સુગંધી આપે છે.

ઉપરનું વાકય બરાબર જીવનમાં ઉતારવાની જરૂર છે.

જેમ પોપટને બોલાવવા માણસો મન કરે છે અને કાગડો બોલતો હોય ત્યારે તેને ઉડાડી મૂકવાનું મન થાય છે. વળી મીઠાં બોલ બોલી, કાળી કોયલના શબ્દો સાંભળવાની ઉત્કંઠા થાય છે. જ્યારે ઘુવડ બિચારું પોતાના માળામાં સુખે સૂવા પણ પામતું નથી. વળી સિંહ ગર્જના (તાડન) કરે છે ત્યારે તેના ભયંકર સાદથી વનમાં ચરતા પશુઓ નાશભાગ કરે છે.

આ તો દરેક પશુપક્ષીના દાખલા આપ્યા, પરંતુ માણસ જ્યારે બોલે છે ત્યારે તેના વાકયમાં મીઠાશ હોય તો દરેક સાંભળે છે અને ધ્યાનમાં લે છે પણ તેના બોલવામાં જો કડવા શબ્દો વપરાતા હોય તો કોઇ સાંભળવા પણ ઊભું ન રહે અને ઊલટાનું તેના ઉપર આક્ષેપના વરસાદ વરસે છે.

તમે થોડું બોલો પણ મીઠું–માધુર્યતાવાળું અને સામાને જરાય પણ દુઃખ ન ઉપજે તેવું બોલો. કડવા વેણ (શબ્દો) ન બોલો. તમો જીભથી કડવા શબ્દો બોલી અપમાન ન વહોરો, તમારા બોલવાથી સામા પક્ષવાળાનું કેમ ભલું થાય તેવું જ બોલો, તમારા બોલેલ શબ્દોની કિંમત થાય તેવાં, અને મધુર વેણ બોલો જેથી દરેકના મનને આનંદ ઉપજે અને તમારા શબ્દોને માણસો ઝીલે.

તમે તમારી ટૂંકી જિંદગીમાં એવી પ્રકૃતિ બનાવો–એવી ટેવ પાડો કે તમારી ચાલચલગતથી તેમજ તમારા માયાળુ અને પ્રેમભરેલા શબ્દોથી તમોને સામા પક્ષના માણસો મીઠી નજરથી જોતાં શીખે અને તમે જશને પામો.

તમે ઘરમાં પણ નાના બાળકથી મોટાં વૃદ્ધ સુધી દરેકને પ્રેમથી બોલાવો એટલે તમારી વર્તણુકથી તમારા બાળકો ઉપર પણ સારી છાપ પડશે.

ઘણા માણસોને એવી ટેવ પડી હોય છે કે તે જ્યાં જાય ત્યાં કલેશ–કંકાસ ઊભા કરી હડકાયા કૂતરાની માફક અપમાન પામે છે, બલ્કે કોઈ વખત માર પણ ખાય છે.

<u>નીચેના પાંચ વાકયોને હંમેશા કોતરી રાખો</u>

શું આપણે અપશબ્દો બોલવા માટે જ મનુષ્યજન્મ લીધો છે ?

શું બીજાને હાનિ પહોંચાડવા માટે જ મનુષ્યજન્મ લીધો છે ?

શું આપણા બોલથી કોર્ટે કેસ લડવા માટે જ મનુષ્યજન્મ લીધો છે ?

શું આપણે મધુર વાણી ખોઇ નાખવા જ મનુષ્યજન્મ લીધો છે. ?

શું આપણે આપણી મરજીમાં આવે તેમ બોલવા જ મનુષ્યજન્મ લીધો છે ?

નહિં, નહિં આ બધાં કામ તો તું દુષ્ટ મનુષ્યને જ સોંપી દે.

તારે તો દુનિયામાં ભલાઇ મેળવવી, તારી જીભથી મધુર વાણી બોલી જશ મેળવવો અને અપકીર્તિના ભારા કદી બાંધવા નહી.

મૂર્ખ માણસનો અવાજ કોઇ સાંભળતું જ નથી; પરંતુ તારા માયાળુ શબ્દો વાયરલેસ કે રેડીયોની માફક આખી દુનિયાને સંભળાવવા આતુરતા રાખ તો તારા શબ્દો વૈરીને પણ વશ કરશે અને ભલાઇના પણછા ઊગી નીકળશે.

—રાયચંદ મૂળજી (બેલા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિયમિત....બનો

માનવ જીવનમાં નિયમિતતા, સ્થિરતા, સમતોલતા ઇત્યાદિ ગુણોની ઘણી જરૂર પડે છે. અનિયમિત માણસ, કોઇ પણ કાર્ય ધારેલ સમયે ભાગ્યે જ કરી શકશે. કારણ સ્પષ્ટજ છે કે તેની અંતર્ગત રહેલ અનિયમિતતા સમય પર ચોક્કસ કાર્ય કરવામાં વિઘ્ન નાખશે. અનિયમિત માણસનો વિશ્વાસ પણ કોઈ કરતું નથી; કારણ કે જે વ્યક્તિ કોઇપણ બાબતમાં કદી નિશ્ચિત ન હોય તેને ભરોસે રહેવાથી લાભને બદલે હાનિ જ વિશેષ સંભવે છે. કુદરત પણ નિયમિતતાને જ પસંદ કરે છે, અને વર્તમાન સભ્ય સમાજ પણ નિયમિતતાને ચાહે છે. તેને આપણે સ્હેજ અવલોકીએ.

સૂર્ય–ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર–તારા ઇત્યાદિ પણ નિયત સમયે ઉદય પામે છે અને નિયત સમયે અસ્ત થાય છે.

સૂર્ય–ચન્દ્રના ગ્રહણ પણ નિયત સમયે જ થયા કરે છે કે જેને આપણે જ્યોતિષ દ્વારા અગાઉથી જાણી શકીએ છીએ અને જાણવા પ્રમાણે બને પણ છે.

સમુદ્રમાં નિયમિત સમયે જ ભરતી ઓટ થયા કરે છે.

ઠંડી, ગરમી વિગેરે પણ તેના ચોક્કસ સમયે જ પડવા માંડે છે. અર્થાત્ શીત કાળમાં ઠંડી અને ઉષ્ણ કાળમાં ગરમી વખતસર પડે છે. તેમજ મેઘ પણ તેના સમયે એટલે કે વર્ષાઋતુમાં નિયમિત હાજર થઈ જાય છે. વૃક્ષો પણ નિયત સમયે જ મનુષ્યને ફળ આપે છે.

આ સર્વ પ્રકૃતિગત નિયમિતતાથી જ જગતનું કામ સરળતાપૂર્વક ચાલે છે, પરંતુ જ્યારે કુદરત અનિયમિત બને છે ત્યારે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અકાળવૃષ્ટિ, અતિ ઠંડી, અતિ ગરમી, પ્રલય, વાયુ,ઉલ્કા પાત, ભૂકંપ, વિજપાત ઇત્યાદિ થાય છે. પરિણામે અનેક જગજંતુઓનો સંહાર થઇ જાય છે. આવા બનાવોને કુદરતની પ્રકૃતિ નહીં પણ વિકૃતિ જ કહી શકાય છે. મતલબ કે કુદરતી ક્રમમાં આ પ્રમાણે જ્યારે અનિયમિતા બને છે ત્યારે વિશ્વ અનિષ્ટના ખાડામાં ઉતરે છે. તો પછી મનુષ્ય પણ અનિયમિત થાય ત્યારે સારું પરિણામ ક્યાંથી નીપજે ?

વર્તમાન શોધમાંહુની આગગાડીઓ અને આગબોટો પણ નિયમિત સમયે જ ઉપડે છે અને નિર્દિષ્ટ સ્થાને પણ નિયમિત સમયે જ પહોંચે છે. જો તેમાં પણ નિયમિતતા ચૂકી જવાય તો તેનું પરિણામ ઘણાઓને શોષવું પડે છે. તાર, ટપાલ, વિજળી વિગેરે સમયસર લોકસેવામાં હાજર થાય છે. એ સર્વ વસ્તુઓ નિયમિતતાનો પાઠ આપણને શીખવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સર્વનો સારાંશ એટલો જ છે કે અનિયમિતતાને તજી દઇ, નિયમિત બનો.

તમે કોઇને મળવા સમય આપ્યો હોય તો કહ્યા પ્રમાણે નિયમિત સમયે મળવા જાઓ અથવા નિયત સમયે હાજર રહો જેથી અરસ્પરસની મુલાકાત સરળ બને.

તમે કોઇને જમવાનું કહ્યું હોય તો તેને નિયમિત સમયે જમવા બોલાવો. નહિંતર તે વ્યક્તિના રોષનું કારણ તમે બનશો. અથવા તમે કોઇને ત્યાં જમવા જવાના હો તો વખતસર તેને ત્યાં પહોંચી જાઓ, નહિંતર ઘણાઓને તમારી રાહ જોવી પડશે.

તમે કોઇને પૈસા ભરવાનો જે સમય કહ્યો હોય તે સમયે જ પૈસા ભરપાઇ કરવા પૂર્ણ પ્રયત્ન કરો; નહિંતર ફરી મેળવવા મુશ્કેલ થશે. કદી સંજોગવશ તેમ ન બની શકે તો તે બદલ તેની ક્ષમા યાચી લ્યો અને પહેલી તકે ભરો.

તમારે ત્યાંથી કોઇ પૈસા લઇ જનાર હોય તો તેને નિયમિત સમયે આપી દ્યો; નહિંતર તમારા પૈસા પર તેણે સેવેલા સ્વપ્ના અવળા થઇ જશે 'અને સમય ગયા પછી તમારા નાણાં એને શું કામના હતા ?

રેલગાડીમાં જવું હોય તો નિયમિત સમયે સ્ટેશન પર હાજર થઇ જાઓ; નહિંતર તે તમારી દાક્ષિણ્યતા નહીં રાખે–પરિણામે ગાડી ઉપડી જશે અને તમે અનિયમિતતાના પ્રતાપે પડી રહેશો.

સભામાં જવું હોય તો સભાસ્થાને નિયમિત સમયે પહોંચી જાઓ; નહિંતર શરૂઆતના ભાષણથી વંચિત રહેશો અને પાછળ બેસવું પડશે. તેમજ વિશેષમાં વકતાના અવાજ વિષે તમને અસંતોષ થશે.

લેખક હો તો નિયમિત વખતે તમારો લેખ તંત્રીના ટેબલ પર પહોંચાડી દેજો; નહિંતર ખ્યાલ રાખજો કે તમારી ખાતર છાપું પ્રગટ થતું નહીં અટકે, તે તો નિયમિત સમયે પ્રગટ થઇ જશે અને તમારો લેખ રહી જશે.

વિશેષ શું ? એટલું જ પર્યાપ્ત થશે કે જીવનના પ્રત્યેક કાર્યમાં નિયમિત બનો. તેથી તમારી ચોક્કસ છાપ બંધાશે અને એ છાપ જીવનમાં ઘણી જ ઉપયોગી નીવડશે.

લે. રાજપાળ મગનલાલ વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મ શકિતના લાભ

( અનુઃ અભ્યાસી બી. એ. )

મનુષ્યના જીવનમાં સૌથી વધારે મહત્ત્વની શક્તિ અધ્યાત્મ શકિત છે. એને કેટલાક લોકો ચરિત્રબળ, માનસિક બળ અથવા આત્મબળ કહે છે. નિર્દેશનું મહત્ત્વ મનુષ્યનું શારીરિક બળ વધારવામાં તથા બુદ્ધિવિકાસ કરવામાં ઘણું છે. જે લોકો પોતાની જાતને સારો નિર્દેશ આપ્યા કરે છે, જેઓની આત્મનિર્દેશની શક્તિ પ્રબળ હોય છે તેઓ હમેશાં સુખી રહે છે, પરંતુ જેઓ પોતાને ખરાબ નિર્દેશ આપ્યા કરે છે, પોતાને પ્રતિકૂળ કાર્ય કરતાં નથી રોકી શકતા તેઓ હંમેશાં દુઃખી રહે છે. પોતાના વિચારો ઉપર પોતાનું આધિપત્ય જમાવવું એ જ જીવનમાં સૌથી મહત્ત્વની વસ્તુ છે. જર્મનીનો પ્રસિદ્ધ તત્ત્વવેત્તા શોપનહોર પોતાના "World as Will Idea" નામના પુસ્તકમાં એક સ્થળે કહે છેઃ "લોકો સમજે છે કે આપણે આપણી આસપાસ ભૌતિક સામગ્રી એકત્ર કરવાથી સુખી થઇ શકીએ છીએ, પરંતુ ખરી રીતે તો આપણું સુખદુઃખ આપણી માનસિક ભાવના પર જ નિર્ભર છે, આપણા વિચારો જ આપણને સુખી કે દુઃખી બનાવે છે."

મનુષ્યની પાસે ગમે તેટલું ધન ઐશ્વર્ય હોય તો પણ તેની પાસે અધ્યાત્મબળ નહિ હોય તો તે હંમેશાં દુઃખી જ રહેવાનો. જેની પાસે ધન ઐશ્વર્ય હોય છે તેવા માણસો પોતાની તુલના પોતાથી મોટા સાથે કર્યા કરે છે અને પોતાની જાતને તેઓ કરતાં નાનો જોઇને હંમેશાં મનમાં દુઃખી રહે છે. તેઓ તેની ઇર્ષ્યા કરે છે. એ રીતે આત્મગ્લાનિ તથા ઈર્ષ્યાને લઇને તેની સઘળી માનસિક શક્તિનો હ્રાસ થાય છે. પછી એને અનેક પ્રકારના ભય ઉત્પન્ન થાય છે, એને લઇને તે દુઃખી જીવન વ્યતીત કરે છે અને તેની પ્રબલ આત્મનિર્દેશ-શકિત તેના ભયને વાસ્તવિકતામાં પરિણત કરી મૂકે છે, એ રીતે તે પોતાની ભૌતિક સામગ્રી પણ ખોઈ બેસે છે, તેથી મનને વશ રાખવું એ જ સૌથી મોટું કાર્ય છે. શોપનહોર એક બીજી જગ્યાએ લખે છે કેઃ "સંસારમાં સૌથી ચમત્કારિક વ્યકિત એ નથી કે જે દુનિયાને જીતી લે છે, પણ એ વ્યકિત છે જે પોતાની જાતને જીતી લે છે." સ્વામી રામતીર્થે આ વાતને પોતાની નેપોલીયન વિષે રચેલી કવિતામાં બતાવી છે. નેપોલીયને સંપૂર્ણ યુરોપ ઉપર વિજય પ્રાપ્ત કર્યો, પરંતુ તે પોતાની જાતને ન જીતી શકયો તેથી તેનું અંતિમ જીવન કેટલા દુઃખમાં પસાર થયું એ ઘણે ભાગે સૌ જાણતા હશે.

આ અધ્યાત્મશકિત કેવી રીતે વધારી શકાય? અધ્યાત્મશકિત વધારવા માટે કેટલાક કહે છે કે મનુષ્યનો આદર્શ ઊંચો હોવો જોઇએ, તેના સિદ્ધાંત ઊંચા હોવા જોઇએ. એક વખત ભારતવર્ષની અવનતિ પર પ્રો. રેનાલ્ડ નીકસને પોતાના વિચારો જણાવતા કહ્યું હતું કેઃ "હિંદુસ્તાનના લોકોના સિદ્ધાંત ઘણા ઊંચા હોય પરંતુ તે પ્રમાણે આચરણ કરનાર લોકો ઘણા થોડા હોય છે. એને લઇને જ એ દેશ તત્ત્વજ્ઞાનમાં સૌથી ઊંચો હોવા છતાં બીજાથી શાસિત થઇ રહેલ છે." અંગ્રેજીમાં કહેવત છે કે "Take care of the penny and the pound will take care of itself" અર્થાત્ દ્રવ્યસંચયમાં તમે પાઇની પરવા કરશો તો રૂપીયો પોતાની પરવા પોતાની મેળે કરી લેશે. આ સિદ્ધાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના ભૌતિક તથા આધ્યાત્મિક જીવનનો સિદ્ધાંત છે. પોતામાં સારી ટેવો કેળવો, પોતાને નિયમબદ્ધ બનાવો. પછી અધ્યાત્મબળ કે ચરિત્રબળ આપોઆપ આવી જશે. હવે કેટલીક ટેવો તથા જીવનના સાધારણ નિયમો વાચકો સમક્ષ રજૂ કરવામાં આવે છે કે જે મનુષ્યના જીવનને સુખી બનાવવામાં તથા આધ્યાત્મિક બળ વધારવામાં ખૂબ મદદ કરે છે.

સૌથી પહેલાં બ્રાહ્મ મુહૂર્ત્તમાં ઊઠવાનો નિયમ રાખવો. સૂર્યોદય પહેલાં બે કલાક માણસોએ પોતાની પથારીમાંથી ઊઠવું જોઇએ. આ બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠવાના નિયમનું એટલું રહસ્ય છે કે જે તેનું પાલન કરશે તે પોતાનું જીવન સફળ બનાવવામાં તથા પોતાનું માનસિક બળ વધારવામાં બહુ જ ઉદ્યોગપરાયણ રહેશે. જે મનુષ્ય એ વખતે ઊઠે છે તેને પોતાની ઉન્નતિ કે અવનતિ પર વિચાર કરવાની તક મળે છે. આત્મા એ જ આત્માનો શત્રુ છે અને આત્મા એ જ આત્માનો બંધુ છે. જે પોતે પોતાની જાતને કલ્યાણ માર્ગે નથી લઇ જતો તેને બીજો કોણ લઇ જવાનો હતો ? જે સમયે વધારે માણસો સૂતા હોય છે અને વાતાવરણ શાંત હોય છે તે સમય અધ્યાત્મવિચાર માટે ઘણો જ અનુકૂળ છે. સૂર્યોદય પહેલાં ઊઠવાથી મનુષ્યો પોતાની દિનચર્યા સારી રીતે કરી શકે છે.

આપણે સંસારના મહાન પુરુષોના જીવનચરિત્ર જાણવાનો પ્રયત્ન કરીએ તો આપણને જણાશે કે તે બધા આ નિયમ બરાબર પાળતા હતા. શેરશાહ એક સાધારણ જમાદાર હતો. તેણે દિલ્હીની શહેનશાહત પણ પોતાની યોગ્યતાથી પ્રાપ્ત કરી અને અનેક લોકોપયોગી કાર્યો કર્યા. તેની દિનચર્યા તપાસતાં આપણને તેની અસાધારણ ઉન્નતિનું કારણ પ્રત્યક્ષ માલૂમ પડે છે. તે હંમેશાં સૂર્યોદય પહેલાં ત્રણ કલાકે ઊઠતો અને પ્રભુપ્રાર્થના વગેરે કરીને પોતાના હંમેશના કાર્યમાં જોડાઇ જતો હતો. આપણા સઘળા રૂષિમુનિયો, મહાપુરુષો એ પ્રમાણે જ કરતા હતા.

સવારે વ્હેલા ઊઠવાના નિયમનું એટલું જ મહત્ત્વ નથી પણ એનું મહત્ત્વ એટલા માટે પણ છે કે તેનાથી આપણા આખા દિવસનું સમસ્ત જીવન નિયમબદ્ધ થઇ જાય છે. દરેક મનુષ્ય કાર્ય તો કરે છે જ, કેમકે કુદરત કોઇને બેકાર બેસવા નથી દેતી, પરંતુ કાર્ય કરવામાં મનુષ્ય સ્વતંત્ર છે કે પરતંત્ર તે તેની માનસિક શક્તિ જ બતાવી શકે છે. જે મનુષ્ય પોતાના કર્તવ્યનો નિર્ણય કાર્ય શરૂ કર્યા પહેલાં જ કરી લે છે તે મનુષ્ય આધ્યાત્મિક સ્વતંત્રતાનું સુખ પ્રાપ્ત કરે છે, પરંતુ જેને કર્તવ્યનો નિર્ણય કર્યા વગર કાર્યમાં પ્રવેશ કરવો પડે છે તે હંમેશા માનસિક ગુલામીની સ્થિતિમાં રહે છે. તેને જીવન ભારરૂપ લાગે છે. પોતાના બનાવેલા નિયમ પ્રમાણે ચાલવું તેમાં જ સુખ છે, એમાં જ આનંદ છે, તેને બીજાના બનાવેલા નિયમ પ્રમાણે ચાલવું તેમાં દુઃખ છે. જે માણસો નિયમબદ્ધતાથી જીવન વ્યતીત કરવા ઇચ્છે છે તેઓને માટે બ્રાહ્મ મુહૂર્ત્તમાં ઊઠવું અત્યંત આવશ્યક છે, કેમકે એ એક નિયમ બીજા બધા નિયમોનું પાલન કરવાની શક્તિ આપે છે.

પ્રકૃતિ આપણને હંમેશાં તમસની તરફ ખેંચી જાય છે. આળસ મનની એવી સ્થિતિ છે કે જ્યારે તે આધ્યાત્મશકિતથી ચ્યુત રહે છે. ચૈતન્યનો ઉદય થતાં જ આળસનો લોપ થઈ જાય છે. ચૈતન્યની વૃદ્ધિ આળસ પર વિજય પ્રાપ્ત કરવાથી જ થાય છે. એ બન્ને એક જ છે.

જે રીતે દિવસ શરૂ થાય છે તેવી રીતે જ સમાપ્ત થાય છે. અંગ્રેજીમાં કહેવત કે 'સારી રીતે શરૂ કરેલું કાર્ય અર્ધું સમાપ્ત થયું ગણાય છે.'' જે મનુષ્યનું જીવન નિયમબદ્ધતાથી શરૂ થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું જીવન તે રીતે જ સમાપ્ત થાય છે. તેથી સમસ્ત જીવનને નિયમિત બનાવવા માટે નિયમ પાળવાની પરમ આવશ્યકતા છે એ માનસિક શક્તિ સંચયની સર્વસુલભ ચાવી છે.

પ્રાતઃકાળમાં ઊઠવા માટે એલાર્મ ઘડીયાળ રાખવી યોગ્ય નથી. એલાર્મ ઘડીયાળથી આપણા કાર્યો બીજા દ્વારા સંચાલિત થાય છે. આપણામાં આપણી જાત ઉપર નિર્ભર થવાની શકિત નથી આવતી. આપણે તો આપણી પોતાની જાત પર ભરોસો રાખવો જોઇએ. આપણો આત્મનિર્દેશ જ આપણને વખતસર જગાડી દે છે. જે માણસ પોતાનો સમયસર જાગવાનો નિર્દેશ કરે છે તે તે સમયે જરૂર જાગી શકે છે. આપણું અવ્યકત મન તે નિર્દેશને પકડી લે છે અને વખત આવ્યે એક નોકરનું કામ કરે છે. વસ્તુતઃ એ અવ્યકત મન પર વિશ્વાસ રાખવાથી જ સંસારમાં સફળતા પ્રાપ્ત થાય છે. એ જ આપણને અનેક વખત અશુભ કાર્યોમાં પ્રવૃત થતાં રોકે છે, આપણને ચેતવણી આપે છે, મનુષ્યને હંમેશાં જાગૃત રાખે છે. એનું બળ વધારવું એ જ અધ્યાત્મ શકિત વધારવા સરખું છે.

જે મનુષ્ય પોતાના વ્યકત મન ઉપર જ વિશ્વાસ રાખે છે તેને પોતાના વાસ્તવિક બળનું જ્ઞાન નથી હોતું. આપણે કેટલાય વિદ્વાન લોકોને જોઇએ છીએ કે જેઓ બીજાઓને બહુ સુંદર ઉપદેશ આપી શકે છે તથા જેઓ બહુ સુંદર પુસ્તકો લખી શકે છે, પણ જેઓને પોતાના મન ઉપર અધિકાર નથી હોતો, કોઈ કોઇ વાર પશુ જેવો વ્યવહાર તેઓ કરવા લાગે છે, જેઓ પોતાનું અપમાન થતાં ક્રોધથી ભભૂકી ઊઠે છે, જેઓ આર્થિક નુકશાની થતાં શોકસાગરમાં ડૂબી જાય છે, જેઓ કોઇ સ્વરૂપવાન સુંદરીના મધુર વચનો સાંભળીને પોતાની સર્વ નૈતિકતા ભૂલી જાય છે—આ બધાનું શું કારણ? તે લોકોએ વિદ્વત્તા પ્રાપ્ત કરી હોય છે. પરંતુ વિદ્વત્તા એ વ્યકત મનની વસ્તુ છે તે અવ્યકત મન સુધી પહોંચતી નથી. દૃઢ સંકલ્પ અને અભ્યાસ અવ્યકત મનને પ્રભાવિત કરે છે. **અપૂર્ણ.**

## ધર્મ એટલે શું?

કુદરતના નિયમોરૂપી મહાસાગરમાં નામરૂપ અનેક વ્યક્તિઓ માત્ર પરપોટા સમાન છે. ત્રણે કાળમાં જે બાધિત ન થાય અને નિત્ય રહે એ જ ધર્મનું સત્ય સ્વરૂપ છે. ધર્મ એટલે તો જે આપણને આપણા મૂળ સ્થાને પાછા પહોંચાડે છે તે. સર્વ દુરાગ્રહી મતમતાંતર અને ઝઘડાઓ, દેહ અને મન, દેશ, કાળ અને કાર્યકારણભાવ અને તેમાં વ્યાપી રહેલું સર્વ વિશ્વ, એ સર્વ ભુંસાઇ જઇને જ્યાં શબ્દ પણ પહોંચતો નથી એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો, એ જ ખરો ધર્મ છે.

ધર્મ પાળવો એની મતલબ એ જ કે પોતાનો આત્મા સર્વનો આત્મા બની જવો જોઇએ. આખું જગત પોતાનામાં જ પ્રતિબિંબિત થવું જોઇએ. સર્વ જીવોની સાથે આપણું ઐકય છે, એમ આપણા આચરણમાં અનુભવવું જોઇએ. સઘળી વસ્તુઓ પ્રત્યે એવો પ્રેમ વધવો જોઇએ કે ફૂલની પાંખડી ઠંડી લાગતાં, તારી આંખોમાં અશ્રુ દેખાવા લાગે. એનું જ નામ ધર્મ કે જેના પાલનથી તુંજમેં દુઇકી બુ રહેવા ન પામે—અને એ જ પૂર્ણત્વ છે.

—સ્વામી રામતીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સુવાક્યો

સં. સ્વ. સ. ક. વિ.

[ ગતાંક પૃષ્ઠ ૮૨ થી શરૂ ]

૬૬ શાસ્ત્રોમાં ફક્ત માર્ગ ઉલ્લેખ જ હોય છે પણ મર્મ હોતો નથી, માટે જો તમારે મર્મ જાણવો હોય ને મુક્ત થવું હોય–ઉન્નતિ સાધવી હોય તો સદ્ગુરુ–સતપુરુષના ચરણ સેવ્યા વગર છૂટકો જ નથી.

૬૭ સુખી થવાનો ફક્ત એક જ માર્ગ છે ને તે ઇશ્વર પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો. જેને વિશ્વાસ છે તે દુઃખી થતો નથી અને કદાચ દુઃખ આવે તો પરવા કરતો નથી, તેથી તેને દુઃખ પણ સુખરૂપ થાય છે.

૬૮ મનુષ્યનું મૂલ્ય આંકવા માટે તેનામાં ત્યાગ અને નિરભિમાનપણું કેટલે દરજ્જે છે તેના ઉપર લક્ષ રાખવું જરૂરી છે.

૬૯ આનંદી અને મોજીલો સ્વભાવ આખા જગતને વશ કરી શકે છે, પરંતુ તેથી બીજાને દુઃખ ન થાય તેવી નિર્દોષતા જોઇએ.

૭૦ ગમે તેવા માણસને પણ કોઇનો કાબૂ હોવો જ જોઇએ અને કદાચ તે ન હોય તો તે ખરેક ર્તવ્યમાર્ગ ભૂલીને ઉંધે રસ્તે દોરવાઇ જાય છે અને તેથી જ નાસ્તિકોને પણ ઇશ્વર જેવી મહાન શક્તિને માનવાની ફરજ પડી છે અને પડશે.

૭૧ કોઇપણ કાર્યનો આરંભ કરતાં પહેલાં દરેક જણે પોતાની બુદ્ધિ–શક્તિનો વિચાર કરવો અને આરંભેલું કાર્ય પોતાના સર્વસ્વનો ભોગ આપીને પણ પૂરું કરવું એ જ સજ્જન પુરુષોનું કર્તવ્ય છે.

૭૨ સુખી થવાનો સૌથી સરલ રસ્તો એ જ છે કે પોતાથી બને તેટલા પ્રયત્ને બીજાને સુખ દેવું.

૭૩ કોઇપિણ કૃત્યનું ખરા કે ખોટાપણું બીજાની બુદ્ધિથી નક્કી કરવા કરતાં પોતાની સદ્સદ્ વિવેકબુદ્ધિથી-અંતઃકરણને પૂછવાથી વધારે ચોક્કસ નિર્ણય થઇ શકશે.

૭૪ સત્યને જ અનુસરનાર સત્યના ત્યાગ કરતાં વ્યવહારિક દરેક સુખનો અને છેવટે પોતાના શરીરનો પણ ત્યાગ કરવો ઉચિત ગણે છે.

૭૫ કોઇપણ વ્યવહારિક કે પારમાર્થીક જ્ઞાન મેળવવા પ્રયાસ કરતી વખતે ચિત્ત દબાચેલું, ઉદાસ અગર તો ખિન્ન જણાય તો તે કાર્યમાં સફળતા મળતી નથી, પરંતુ જો મન પ્રસન્ન અને મુક્ત સ્થિતિમાં હશે તો જરૂર ફતેહ જ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭૬ કર્મ કરતી વખતે જ્ઞાની અને અજ્ઞાની બન્નેને શરીર તો સરખા જ હોય છે, છતાં ફળ જુદા જ હોય; કારણ જ્ઞાની દરેક કર્મ વિવેક બુદ્ધિસર કરે છે અને અજ્ઞાનીને તેવી બુદ્ધિ હોતી નથી.

૭૭ આપણી દરેક ઇંદ્રિયો બહિર્મુખ છે અને વૃત્તિ પણ બહિર્મુખ હોવાથી આપણા દોષોનું ભાન થતું નથી, પરંતુ વૃત્તિને જો અંતર્મુખ કરવામાં આવે તો આપણામાં રહેલા નાનામાં નાના દોષને જોઇ શકાશે અને તેમાંથી બચવા પ્રયત્ન પણ થશે.

૭૮ સત્યના ઉપાસકને શરૂઆતમાં અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે અને તેને જગત મુર્ખ, ગાંડો, દિવાનો વગેરે ઉપનામો આપે છે; માટે જ સત્યના શોધક વિરલાઓ જ હોય છે

૭૯ જેઓનો સ્વભાવ પરદુઃખે દુઃખી થવાનો છે તેઓ ગમે તેવા દેશ, કાળ અને સ્થિતિમાં હોય તો પણ તેઓ પ્રાણાંતે પણ બીજાનું શ્રેય કરવાનું ચુકતા નથી જ.

૮૦ આપણા આત્મામાં રહેલા સત્ય પ્રેમને આગ્રહ કરવા માટે અને સત્યની તદ્દન નજીક પહોંચવા વ્યવહારિક જીવનથી જેમ બને તેમ દૂર જવું જોઇએ

૮૧ જો આપણને સર્વસ્વ મેળવવાની ઇચ્છા હોય તો સર્વસ્વનો ત્યાગ કરવો જોઇએ જેમ કે, યોગીઓ આત્મતત્ત્વ કે જે સર્વસ્વ છે તેને મેળવવા દેહ કેજે સર્વસ્વ કહેવાય તેનો પણ ત્યાગ કરે છે.

૮૨ ત્યાગીએ પોતે જેવો વાસ્તવિક હોય તેવો જ જગત સમક્ષ દેખાવું જોઇએ, અને જો તેમ કરવામાં કાંઇ દંભ ( કૃત્રિમતા ) કરવામાં આવશે તો ઈશ્વરના માર્ગથી પતીત થવાશે.

૮૩ દયા અને પ્રેમની લાગણી વગરનું મનુષ્યજીવન પશુઓ કરતાં પણ વધારે ખરાબ છે

૮૪ ગમે તેવી સ્થિતિ–સંયોગો અને દેશકાળમાં પણ પવિત્ર અને પરોપકારી જીવન જીવી શકાય છે અને તે જ વાસ્તવિક જીવન છે.

૮૫ માનવજીવનનો પલટો કરવા માટે બુદ્ધિની સાઠમારીની જરૂર નથી, પરંતુ પ્રત્યક્ષ પ્રમાણોની જ જરૂર છે.

૮૬ જેમને મહાન ( જગતવંદ્ય ) થવું હોય તેમણે પરોપકારમય જીવન અને સહનશીલતા કેળવવી જોઇએ. જેમ એક પત્થર ટાંકણા અને હથોડાથી ટીપાઇને છેવટે એકાદ મૂર્તિ બની પૂજાય છે.

૮૭ સુખ અગર તો દુઃખ એ ફક્ત મનુષ્યની આંતરદષ્ટિને અવલંબી રહેલું છે, કારણ કે બાહ્ય સ્થિતિના ફેરફારથી કોઈ પણ કાળે સુખ મળી શકે જ નહીં.

૮૮ સુખના સાધનો ઓછા હોવા તે ખરેખરી દરિદ્રતા નથી જ પણ ખરી દરિદ્રતા તો પોતાની પાસે હોય તેથી વધારે ને વધારે મેળવવા ઈચ્છા કરવી તે જ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## વ્યાપારી જગત

### પ્રકાશક—**શ્રીયુત દુર્લભજીભાઇ ઉમેદચંદની કું. મુંબઇ**

**એતરેથી કારખાને પહોંચતા સુધી કાચી ચીજોને અંગેની વ્યાપારને લગતી સર્વ માહિતી, આંકડા અને વેપારની સમજયુકત.** હિંદના વેપારનો મોટો હિસ્સો ગુજરાતી ભાષાના જાણકા પારસી, કચ્છી, મારવાડી અને ગુજરાતીનો હોવા છતાં ગુજરાતી ભાષામાં વ્યાપારને લગતું સાહિત્ય જોઇએ તેવું છે જ નહિં. રૂને લગતા વિગતવાર આંકડા માત્ર ઇંગ્લીશ ભાષામાં પ્રગટ થાય છે, વ્યાપારને લગતા આંકડા, નિરંતરના રાજકીય આર્થિક ફેરફારોની હકીકત, તેને લગતા સમાચારો અને આંકડા સ્થિતિનું સાચું રહસ્ય યથાસ્થિત સમજવા માટે તેનું સામાન્ય જ્ઞાન પ્રાપ્ત થાય અને તે સરળ ગુજરાતી ભાષામાં હરેક વિષય ઉપર અનુભવપૂર્વક માહિતી બતાવનારૂં સાહિત્યના અભાવે પ્રકાશક ભાઈએ પોતાના જીવનના—વ્યાપારના અનુભવમાંથી જે પ્રાપ્ત થયેલ છે તેવી બધી હકીકત આ ગ્રંથરૂપે અથાગ પરિશ્રમ સેવી જે પ્રકટ કરેલ છે, તે ગુજરાતી ભાષાની જાણકાર વેપારી આલમને ખરેખર ઉપયોગી અને ભોમીયા સમાન થઇ પડે તેમ છે. આ ગ્રંથમાં આપેલા વિષયો, આંકડાઓ અને હકીકતો આ રીતે પ્રકટ કરવાનું સાહસ ને વ્યાપારના દેશપ્રદેશના અનુભવના પૂરા જાણકાર સિવાય બની શકે નહિ. આ ગ્રંથના પ્રકાશક તેવા એક મુંબઇના મશહુર અનુભવી વેપારી છે અને તેવા કુશળ વ્યાપારી સિવાય અન્યથી બની શકે નહિ તેમ આ ગ્રંથ વાંચતા જણાય છે. જેથી તેઓ ધન્યવાદને પાત્ર છે. આ ગ્રંથમાંની હકીકતો, તેને લગતાં આંકડા અને ચિત્રો વ્યાપારને લગતા પુસ્તકો અને ન્યુસપેપરોમાંથી લઇ અને પોતાનો વ્યાપારી અનુભવ સાથે મેળવી પ્રકટ કરેલ હોવા છતાં તે માંહેતું લખાણ તદ્દન સ્વતંત્ર લખેલું જણાય છે. આ ગ્રંથમાં નીચેના વિષયો આપવામાં આવ્યા છે—

રૂબજારની દેશ પ્રદેશની સ્થિતિ, હિંદના રૂની ગણત્રી, આખા જગતના રૂની ટુંકી સમીક્ષા, વાવેતર અને પાક લેવાનો સમય, તેજીમંદીના વેપારની સમજ, બદલાનો વ્યાપર, બીયા બજારની દેશપ્રદેશની હકીકત, ઘઉં બજાર, સોનું ચાંદી, જગતના વાયદાના બજારો, સામાન્ય માણસોનું અર્થશાસ્ત્ર, હિંદનું હુંડીયામણ, જગતનો દેશ પ્રદેશનો મીલ ઉદ્યોગ, રૂનો નવો ઉપયોગ, સમય, તોલ, નાણાની આંતરદેશીય સરખામણી વગેરે વ્યાપારને લગતો બહોળો વિષય આપી આ ગ્રંથને વ્યાપારીઓ માટે ખરેખર ઉપયોગી બનાવ્યો છે. જેથી ઉપરોક્ત વ્યાપાર કરનારા વ્યાપારીઓએ તેને ખરીદી વ્યાપારી અનુભવ મેળવવા જરૂર છે. આટઆટલી હકીકતો હોવા છતાં ગુજરાતી સુંદર ટાઈપમાં ઉંચા કાગળો ઉપર પાકું સુંદર બાઇંડીંગ કરી વ્યાપારી સાહિત્યમાં એક સારો ઉમેરો કર્યો છે; કિંમત ત્રણ રૂપીયા. ૬૩, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ—પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી જૈન જ્યોતિ ગ્રંથ સંગ્રહ. સંપાદક—ઉપાધ્યાયજી મહારાજશ્રી ક્ષમાવિજયજી ગણી.**

આ ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિકૃત લગ્નશુદ્ધિ, શ્રી રત્નશેખરસૂરિકૃત દિનશુદ્ધિ, શ્રી ઉદયપ્રભ [redacted]રિકૃત આરંભસિદ્ધિ અને શ્રી નારચંદ્રસૂરિકૃત નારચંદ્ર એ ચાર જ્યોતિષના વિષયોનો સંક્ષિપ્તમાં [redacted]તિષના અભ્યાસીઓ માટે ઉપયોગી છે. પ્રથમ બે કૃતિ માગધિ અને પાછળની બે કૃતિ સંસ્કૃત ભાષામાં આપાવામાં આવી છે. જ્યોતિષના અમો અભ્યાસી નથી છતાં સંપાદક શ્રી ક્ષમાવિજયજી ગણી તેના અભ્યાસી હોવાથી અને તે મૂળમાં હોવાથી ભૂલ થવા સંભવ નથી. આ ચારે કૃતિના ગુજરાતી ભાષાંતરો છુટા છુટા થયેલા હોય તોપણ આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર થઇ પ્રકટ થવાની અમો આવશ્યકતા જોઇએ છીયે. જૈન જ્યોતિષ સાહિત્ય બહુ જ અલ્પ પ્રમાણમાં પ્રકટ થયેલ હોવાથી આ વિષયના બીજા વિદ્વાન પૂર્વાચાર્યોની પ્રાચીન કૃતિઓ જે હોય તે મૂળ તથા ભાષાંતરમાં પ્રકટ થવાની જરૂર છે. આ ગ્રંથ નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં સારા કાગળો ઉપર છપાઇ કપડાના પાકા બાઇંડીંગથી પ્રકટ થયેલ હોવાથી યોગ્ય અને સુંદર કાર્ય થયેલ છે જે માટે શ્રીમાન શેઠ મૂળચંદભાઇ બુલાખીદાસને પ્રકટ કરવા માટે ધન્યવાદ આપીયે છીયે. કિંમત બે રૂપીયા. મુંબઇ—મૂળજી જેઠા મારકીટ, દ્વારકેશ ગલ્લીના સરનામે મળી શકશે.

---

**વેપાર** માસિક-પ્રથમ અંક, તંત્રી. કાન્તિ જે. મહેતા, મુંબઇ. ગુજરાતી અંગ્રેજી ભાષામાં પ્રગટ થએલ છે. બદલાતો વેપારી, અયોગ્ય હુંડીયામણથી શોષાતું હિંદ, મીલ ઔદ્યોગ, રૂ બજારનું અવલોકન, સને ૧૯૩૮, વેપારી અને ખેડુત, સોનાનું ભાવિ, આપણી ઉદ્યોગિક રચનામાં નાના ઉદ્યોગોનું સ્થાન, આંકડા સ્થિતિ, હિંદમાં વીમાદલાલનું સ્થાન, બેંકીંગનો હિંદમાં વિકાસ વગેરે વેપાર અને ખેતીને લગતા ઉપયોગી વેપારીઓને જાણવા યોગ્ય વિષયોનો સમાવેશ તંત્રીશ્રીના વેપારીક ઘણા જ અનુભવ પછી આ માસિક પ્રકટ કરી વેપારી જનતાને પીરસ્યા છે. વેપારીઓ માટે ઉપયોગી જણાય છે. વાર્ષિક લવાજમ હિંદમાં છ રૂપીયા, બહાર બાર સીલીંગ છે. સુંદર અક્ષરોમાં પ્રકટ થયેલ છે. આવા વેપારી વિષયો માટે આ દેશમાં આ માસિક પ્રકટ થવા જરૂર છે.

---

**શ્રી જીવદયા મંડળીનો સને ૧૯૩૭**નો રિપોર્ટ તથા હિસાબ—મુંબઇ ૨૭ વર્ષથી સ્થપાયેલ [redacted]ા સંસ્થા ઉન્નતિ પામવા સાથે જીવદયાનું કાર્ય ઉત્તમ રીતે કરે છે. આત્મકલ્યાણની સાધક [redacted]હિંસા મુખ્યપણે છે. તેના કાર્યવાહકો ખંતીલા અને સમજપૂર્વક આ ખાતું ચલાવે છે. ઘણા [redacted]થાનોએ પશુવધ બંધ કરાવી પુણ્યબંધ કરી રહ્યા છે. મદદ કરવા લાયક આ ખાતું છે, અહેવાલ [redacted]ગતવાર આ રિપોર્ટમાં આપ્યો છે. હિસાબ ચોખવટવાળો છે.

---

**જૈન સત્ય પ્રકાશ**—અમદાવાદમાં શ્રી મુનિસંમેલનના સ્મારકરૂપે આ પત્ર વગર ખંડને અને વિરોધે પ્રગટ થાય છે. વિદ્વાન મુનિમહારાજોના લેખો પણ આમાં આવે છે, આ પર્યુષણ પર્વનો વિશેષાંક ખાસ વાંચવા જેવો છે, ભગવાન મહાવીર પ્રભુની ભાવવાહી છબી આ અંકમાં આપી તેની સુંદરતામાં વધારો કર્યો છે. લેખો પણ મનનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## ડૉકટર સાહેબ શ્રી ચિમનલાલ શ્રોફને ધન્યવાદ—

આચાર્યશ્રી વિજયલલિતસૂરિજીની જમણી આંખે ફરીવાર અડચણ થવાથી ડૉક ચિમનલાલભાઇએ ઉમેદપુર આવી મોતીયો ઉતાર્યો હતો. વિદાય થતાં ત્યાંના શ્રી સંઘે રૂ. રીના આપતાં ડૉકટર સાહેબે જણાવ્યું કે હું જૈન છું સ્વાર્થ સાથે પરમાર્થ પણ જોઇએ અ મારે પુણ્યની પણ જરૂર છે તેમ કહી સો રૂપીયા લીધા નહીં. ધંધાને અંગે સૌ કોઇ સ્વાર્થ સાધે છે, પણ સાથે શ્રદ્ધાવાન પુરૂષ નિઃસ્વાર્થ સેવા પણ કરે છે, તે રીતે ડૉકટર સાહેબે મુંબઇથી ત્યાં આવી ગુરુભક્તિ દર્શાવી છે તેવી જ રીતે અગાઉ પણ પૂજયપાદ્ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પણ ભક્તિ કરી હતી અમે તે માટે ડૉકટર સાહેબને ધન્યવાદ આપીએ છીએ—સાથે બાબુસાહેબ ભગવાનલાલજી પન્નાલાલજીએ તે માટે પરિશ્રમ સેવ્યો છે તે માટે તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

( મળેલું )

---

**નમસ્કાર મંત્ર** લેખકઃ—મુનિરાજ **શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ**.

આ બુકમાં ભૂમિકા, નવકાર મંત્રનો છંદ, ટુંક પરિચય, તે સંબંધી આવશ્યક વિચાર, વિસ્તાર યુક્ત સ્વરૂપ-મહાત્મ્ય ને મંત્રનું લઘુફળ વર્ણન વગેરે વિષયો આપવામાં આવેલ છે, પાછળ સુધારો પણ આપેલ છે. આ ગ્રંથ લઘુ હોવા છતાં સર્વ મંત્રમાં શિરોમણિ નવકાર મંત્ર હોવાથી તેને જાણવાની સર્વને આવશ્યકતા હોય જ. સંપાદક મહારાજશ્રીએ આ બુકમાં તે માટે બીજા ગ્રંથોનો આધાર આપી તે વિષયને સિદ્ધ કરેલ છે. ગ્રંથ ગુજરાતી ભાષામાં પ્રકટ થએલ છે. વાંચવા યોગ્ય છે.

મોટા ટાઇપ અને પાકા બાઇંડીંગથી પ્રકટ થએલ છે. પ્રકાશક–શેઠ ગણપતલાલ મોહનલાલ વાલચંદ, નિપાણી. જીલ્લો બેલગામ (મહારાષ્ટ્ર) કિંમત છાપી નથી.

---

**સુભાષિત પદ્યરત્નાકર** ભાગ ૫ મો. સંગ્રાહક અને અનુવાદક–મુનિરાજ શ્રીવિશાળવિજયજી મહારાજ. અતિ પરિશ્રમ વડે જુદા જુદા ગ્રંથોમાંથી સંગ્રહ કરી આ ગ્રંથનો પાંચમો વિભા પ્રકટ થયેલ છે. શાસ્ત્રી અક્ષરોમાં આ સંગ્રહ બહુ જ સુંદર છે, પઠનપાઠન માટે બધા ભાગો વાંચ જેવા છે. ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર પણ શુદ્ધ છે. આ સંગ્રહ બહુ જ ઉપયોગી છે પૂજ્યપાદ્ વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળાનો આ ૪૮ મો ગ્રંથ છે. આ રીતે પણ સંપાદક મહારાજશ્રી ગુરુભક્તિ દર્શાવી છે. પ્રકાશક શ્રી વિજયસૂરિ જૈન ગ્રંથમાળા–ઉજ્જન, છોટા સરાફા—મંત્રી દીપચંદ બાઠીયા. કિંમત દશ આના.

---

**શ્રી નૂતન જિન સ્તવનમાળા:**—કર્તા મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ. પ્રકાશક ફકીરચંદ મગનલાલ બદામી, સુરત. જુદા જુદા સ્તવનોનો આ સંગ્રહ બહુ સુંદર બનાવવામાં આવ્યો છે. કિંમત રૂા. ૦–૨–૦ બે આના.

---

**પંન્યાસજી મહારાજશ્રી મુક્તિવિમળજી ગણીવરનું સંક્ષિપ્ત જીવનચરિત્ર:**—લેખક– …વિમળજી. પ્રકાશકઃ-મુકિતવિમળજી જૈન ગ્રંથમાળા, દેવશાનો પાડો—અમદાવાદ. આ ચરિત્ર …વનારને પ્રકાશક ભેટ મોકલી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચૈત્ર સુદ પ્રતિપદાનો પ્રમાણપૂર્વક નિર્ણય

ચાલુ વર્ષે ચૈત્ર સુદ ૧ જોધપુરી પંચાંગમાં તા. ૨૧મી માર્ચ મંગળવારે આપેલી છે. જ્યારે હિંદુસ્તાનના દરેક પંચાંગમાં જેમકે—દિવાકર પંચાંગ, લાહોર, શ્રી જીયાલાલનું પંચાંગ દીલ્હી, શ્રી જયવિનોદી પંચાંગ જયપુર, શ્રી માનવ પંચાંગ (શ્રી વલ્લભ મનીરામનું), શ્રી વિશ્વ પંચાંગ બનારસ, શ્રી બાપુદેવ શાસ્ત્રીનું પંચાંગ બનારસ, શ્રી ભારત વિજય પંચાંગ ઈંદોર, શ્રી ગીરજાશંકર શાસ્ત્રીનું પંચાંગ અમદાવાદ, શ્રી ભાસ્કર વૈરાટકર શાસ્ત્રીનું પંચાંગ ધોળકા, શ્રી ગુજરાતી પ્રેસનું પંચાંગ મુંબઇ, શ્રી મુંબઇ સમાચારનું પંચાંગ મુંબઇ, શ્રી કેતકી પંચાંગ મુંબઇ, શ્રી ચિત્રશાળા પ્રેસનું પંચાંગ પુના, શ્રી રઘુનાથ શાસ્ત્રી પટવર્ધનનું પંચાંગ પુના, શ્રી તિલક પંચાંગ પુના, શ્રી દાતેનું પંચાંગ સોલાપુર તેમજ શ્રી મહેન્દ્ર જૈનપંચાંગ આદિ બધા પંચાંગોમાં ચૈત્ર સુદ ૧ તા. ...મી માર્ચ ૧૯૩૯ બુધવારે આપેલી છે. આ બાબતમાં સત્ય શું છે તે જાહેર કરવાનો આ લેખનો ... છે.

તિથિના વિષયમાં નિરયન અને સાયન વચ્ચે તફાવત પડતો નથી. જે નિરયન તિ...
તે જ સાયન તિથિ હોય છે. કારણ કે નિરયન સૂર્યમાં અયનાંશ ઉમેરવાથી સાયન સૂર્ય થાય ...
રીતે નિરયન ચંદ્રમાં અયનાંશ ઉમેરવાથી સાયન ચંદ્ર થાય છે. તિથિ એટલે સૂર્ય અને ચંદ્રની બાદબાકી,

સૂર્ય અને ચંદ્રનું બાર અંશનું અંતર તે એકમ, સૂર્ય–ચંદ્રનું ૨૪ અંશનું અંતર તે બીજ.
૩૬ અંશનું અંતર તે ત્રીજ. એજ પ્રમાણે સૂર્ય–ચંદ્રનું ૧૮૦ અંશનું અંતર તે પૂનમ પૂર્ણ
અને ૩૬૦ અંશનું અંતર અર્થાત્ સૂર્ય–ચંદ્ર બન્ને એકજ રાશિની અંશ, કલા અને ...
બર થાય ત્યારે અમાસ પૂર્ણ (સમાપ્તિ થાય) છે.

મેં ઉપર જણાવ્યું તે ઉપરથી સ્પષ્ટ થશે કે સાયન સૂર્ય અને સાયન ચંદ્રની ...
નિરયન સૂર્ય અને નિરયન ચંદ્રની બાદબાકી આવશે. કારણ કે ...
તફાવત બાદબાકીમાં નીકળી જશે. અર્થાત્ સાયન તિથિ ...

પ્રત્યક્ષ ગણિત પ્રમાણે ફાલ્ગુન વદિ અમાવાસ્યા ...
૧૯ મિનિટે પુરી થાય છે. આ સમયે ૬૪ અક્ષાંશ ઉ...
રેખાંશ કરતાં પૂર્વમાં આવેલ છે. તેથી આખા હિંદુસ્તાનમાં ...
૭ ક. ૭ મિનિટ કરતાં મોડો ક્યાંયે થતો નથી. અર્થાત્ આખા હિંદુસ્તાનમા ...
સૂર્યોદય વખતે ફાલ્ગુન વદિ અમાવાસ્યા પ્રવર્ત્તમાન હશે. તેથી આખા હિંદુસ્તાનમાં મં...
અમાવાસ્યા પળાવી જોઈએ.

પ્રત્યક્ષ ગણિત પ્રમાણે બુધવાર તા. ૨૨ મી માર્ચ ૧૯૩૯ સ્ટાન્ડર્ડ ટાઇમે ક. ૮–૨૯ મિનિટે ચૈત્ર સુદ પ્રતિપદા પુરી થાય છે. તે વખતે આખા હિંદુસ્તાનમાં સૂર્યોદય થઇ ગયો હશે. તેથી બુધવારે આખા હિંદુસ્તાનમાં ચૈત્ર સુદ પ્રતિપદા પળાવી જોઇએ.

આ ઉપરથી જણાશે કે જોધપુરી પંચાંગમાં મંગળવારે ચૈત્ર સુદ પ્રતિપદા લખેલ છે તે સ્પષ્ટ ભૂલ છે. અને ખરી પ્રતિપદા બુધવારે જ છે. તિથિ એ સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું પ્રત્યક્ષ અંતર છે. અને તે આકાશમાં પ્રત્યક્ષ માપી શકાય છે. તેથી તે બાબતમાં શંકા અને વિવાદને સ્થાન જ નથી.

આકાશમાં રહેલા ગ્રહો ઉપરથી નક્કી થતા શુદ્ધ કાળ પ્રમાણે જ આપણી ધાર્મિક ક્રિયાઓ અને વ્રતોનો નિર્ણય કરવામાં આવે છે. એટલે આકાશના પ્રત્યક્ષ ગૃહો પ્રમાણે જ જો આપણે વ્રતોનો નિર્ણય ન કરીએ અને આકાશ સાથે નહિ મળનારા ભૂલવાળા ગણિત પ્રમાણે જો આપણે વ્રત નિર્ણય કરીએ તો એવા વ્રતો પાળવાનો અને તેને અંગે ધાર્મિક ક્રિયા કરવાનો કોઇ અર્થ જ રહેતો નથી.

( વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રયુક્ત જીવ ર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

કેળવણી ર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક
ઓને થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક
છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ
થમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ વધારે
પંડિતજી માર્ગે કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ
કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

વાગ્ભટ્ટાલંકાર,
ઓઃ— શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્ર

ભાષ્યો ઉપરાંત શાંતિનાથ ચરિત્ર, પાર્શ્વ

માના ચરિત્રો.

પ્રાસાદ, ઉપદેશમાલા, શીલોપદેશમાલ ગુજરાતી ભાષામાં) તૈયાર છે.

રાજને ભણાવ્યો ૨-૦-૦ ૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦

અમારા પાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦ ૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
વીર ચરિત્ર રૂા. ૩-૦-૦

તેઓશ્રી કર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં
ન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( मूल ) २ श्री मलयगिरि व्याकरण
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४-५

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

---

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક
39

For Private And Personal Use Only